
॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

# ॥ વેદ રહસ્ય ॥




## પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની પાદુકા સ્મૃતિ મંદિર, મુ. નભોઈ, ગાંધીનગર.

વર્ષ ૩૭ સંવત ૨૦૭૧ કારતક, જાન્યુઆરી – ૨૦૧૫, અંક – ૧

# 'વેદ રહસ્ય' સામયિક સભ્યોને ખાસ વિજ્ઞાપન

- ✓ 'વેદ રહસ્ય' દર મહિનાની પાંચ તારીખે પ્રગટ થાય છે.
- ✓ 'વેદ રહસ્ય' નું વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર સુધી ગણાય છે.
- ✓ પત્રવ્યવહારમાં ગ્રાહક નંબરનો અવશ્ય ઉલ્લેખ કરવો
- ✓ સરનામા ફેરફાર થાય તેમજ તા. પંદર સુધીમાં અંક ન મળે તો પત્રથી ફોન નંબર સાથે અથવા ફોન દ્વારા અથવા રૂબરૂ પ્રકાશકશ્રીના સરનામે જાણ કરવી
- ✓ જે સભ્યોનું વાર્ષિક લવાજમ પુરૂ થાય અને ડીસેમ્બર મહિનાની તા. ૧૫ સુધીમાં લવાજમ ભરવામાં ન આવે તો અંક આપોઆપ ત્યાર પછીના મહિનાથી બંધ થયેલ ગણવામાં આવશે.
- ✓ વર્ષની વચ્ચે કોઈપણ મહિનામાં વાર્ષિક સભ્ય થયા હશે તો પણ વર્ષ ડીસેમ્બર માં પુરૂ થયેલું ગણાશે.
- ✓ કોઈપણ જાતનું લવાજમ ભરીને કાર્યાલયમાંથી ફરજીયાત પહોંચ મેળવી લેવાની રહેશે.
- ✓ લેખો, ભજનો, કીર્તનો વગેરે ધાર્મિક, આધ્યામિક, જીવન ઉપયોગી હોવા જોઈએ. લેખો–ભજનો–કીર્તનો વગેરે ઉપર જાણાવ્યા પ્રમાણે અનુરૂપ નહીં હોય અથવા કોઈપણ પુસ્તકના કે છાપાના ઉતારા હશે અને પ્રગટ કરવા જેવા નહીં લાગે તેવા લેખો–ભજનો–કીર્તનો વગેરે રદ કરી શકાશે અને લેખકોને પરત મોકલવામાં આવશે નહીં. લેખકોને કોઈપણ જાતનું મહેનતાણુ કે પુરસ્કાર આપવામાં આવતો નથી.
- ✓ પ.પૂ. શ્રી મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યની શુભ પ્રેરણા અને અસીમ કૃપાથી 'વેદ રહસ્ય' સામયિકનો શુભ આરંભ થયેલ તેમજ પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજની પ્રેરણા તેમજ આશીર્વાદથી અને તેમના માર્ગદર્શન નીચે સેવક સમુદાય દ્વારા સુરત થી પ્રગટ કરવાનું આયોજન કરવામાં આવેલ છે. સામયિકની પ્રવુત્તિ અને વિકાસ વધતો જ જાય છે. તેથી આપ સૌ સેવક–ભકતોને નિવેદન કરવામાં આવે છે કે વાર્ષિક લવાજમ ભરીને વારંવાર સભ્ય થવું, લવાજમ ભરવામાં નિયમિતતા જળવાય નહીં, તેના બદલે આજીવન, સહાયક, સંરક્ષક સભ્ય બની જાઓ તો તમારે અને કમીટી મંડળ બંનેને ઘણી સાનુકૂળતા થઈ જાય અને વહીવટમાં પણ સુગમતા રહે. તેથી આપ સૌ સેવક–ભકતો આજીવન, સહાયક, સંરક્ષક સભ્ય બનો અને બીજાને બનવાની પ્રેરણા અને ઉત્સાહ વધારો જેથી આપે સત્સંગ સાહિત્યની મહાન સેવા કરી ગણાશે.
- ✓ લવાજમની રકમ રોકડેથી ભરી શકાશે તેમજ ચેક, મનીઓર્ડર અથવા ડ્રાફ્ટથી પણ લવાજમ ભરી શકાશે. ચેક, મનીઓર્ડર અથવા ડ્રાફ્ટ વગેરે **''શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ''** ના નામનો કઢાવવાનો રહેશે અને પ્રકાશકશ્રીના સરનામે મોકલવાનો રહેશે.

## ખાસ સૂચના

- ✓ લેખ, ભજન કે કીર્તન મોકલનારે તારીખ સાથે પોતાનું સ્વચ્છ સરનામું તથા ફોન નંબર આપવાનો રહેશે તેમજ લેખ, ભજન કે કીર્તનના અંતમાં પોતાની સહી કરવાની રહેશે. સહી કરેલા લેખ, ભજન કે કીર્તન સારા અક્ષરોમાં હાસિયો છોડીને લખેલા હશે તો જ માન્ય ગણાશે. ઝેરોક્ષ કરેલા લેખ, ભજન કે કીર્તન માન્ય રહેશે નહીં.
- ✓ **જે વેદ રહસ્ય અંકના આજીવન સભ્ય સ્વર્ગવાસ થયેલ છે. તેનું આજીવન પુરૂ થાય છે. તો નવું લવાજમ ભરી સભ્ય થવા ખાસ સુચના છે. નહીતર આવતા મહીને અંક બંધ કરવામાં આવશે.**

**સંપર્ક નં. મો.: ૯૪૨૭૪ ૨૬૯૦૧, ૯૮૯૮૩ ૨૨૬૫૦, ૯૮૨૪૧ ૮૧૩૭૬**

# વેદ રહસ્ય



સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગર વેદાન્તાચાર્ય
વર્ષ: ૩૭ / જાન્યુઆરી-૨૦૧૫ / અંક-૧

## અનુક્રમણિકા

૪ શ્રદ્ધાંજલી
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

૧૨ કઠોપનિષદ્
કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા)

૧૪ માનવ જન્મ સત્સંગ
પટેલ દેવીકાબેન જે. (ઓઝરાળા)

૧૫ દોષથી બચો
ભાવનાબેન એમ. ગાબાણી (પીપળીયા)

૧૬ સદ્ગુરૂ
લક્ષ્મણભાઈ જે. સોનાણી (ચકમપર)

૧૮ અચૂક અનુભવાય છે.
મીનાક્ષી આઈ. પટેલ (અમદાવાદ)

૧૯ આત્માની ઓળખ
લત્તાબેન અરવિંદભાઈ દડવા

૨૦ સત્સંગ સમાચાર
સંકલિત

૨૧ સત્સંગ સમાચાર
સંકલિત

૨૨ સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ
સંકલિત

જય સચ્ચિદાનંદ

ૐ

**: માધવ પીઠાધિપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી
જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત—૩૯૫૦૦૪

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ,
સુરત—૩૯૫ ૦૦૪

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ,
સુરત—૩૯૫ ૦૦૪

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા
વેદ રહસ્ય કાર્યાલય
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત—૩૯૫ ૦૦૪

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત—૩૯૫ ૦૦૬.

**: મુખ્ય કાર્યાલય :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
''વેદ સ્હસ્ય કાર્યાલય''
શ્રી માધવાનંદ આશ્રમ
કતારગામ રોડ, સુરત—૩૯૫ ૦૦૪
ફોન ન. ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

**: માનદ સંપાદકીય સલાહકાર :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી
જગદીશાનંદ સાગરજી મહારાજ વેદન્તાચાર્ય''
૧. કેશવભાઈ ગીગાભાઈ ભરોડિયા (પાલડી)
૨. બાબુભાઈ નાનજીભાઈ કોશીયા (અંકેવાળીયા)
૩. ગોરધનભાઈ જગાભાઈ ગાબાણી (પીપળીયા)

## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૬ વર્ષ જુનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

**લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :**
**વેદ રહસ્ય કાર્યાલય**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર—૧,
કતારગામ રોડ, સુરત—૪.
ફોન નં.:— (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | — |
| સહાયક | ૩૦૦૦ | — |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

સંકલન કર્ત્રી :- કૃષ્ણા ઘનશ્યામભાઈ સવાણી
(નવા નાવડા)




## પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો '૧૩૪' મો નિર્વાણ જયંતિ મહોત્સવ તા. ૧૩-૧૨-૨૦૧૪ મુ. ચાણોદ

**પ.પૂ.બ્ર.શ્રી જયાનંદજી મહારાજ-વેદાન્તાચાર્ય**

મુમુક્ષુ ભાઈઓ તથા બહેનો,

આજે આપણે પ્રગટ બ્રહ્મ સ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૪ મો નિર્વાણ જયંતિ મહોત્સવ, શ્રદ્ધા, ભક્તિ અને ભાવ પૂર્વક મનાવી રહ્યા છીએ. તેઓ શ્રી ૧૩૪ વર્ષ પૂર્વે પાંચ ભૌતિક શરીર છોડીને વિદેહ કૈવલ્ય મુક્તિ પદને પ્રાપ્ત થયા હતા. જે પ્રાપ્ત કર્યા પછી કંઈ કરવાનું રહેતું નથી. આપણે પણ તે પદને પ્રાપ્ત કરી શકીએ છીએ પણ આપણે બધા માયાના મોહમાં ફસાઈ ગયા છીએ અને નીકળી શકતા નથી. જે કરવા આવ્યા હતા તે ન કર્યું અને બીજું કરવા લાગી ગયા છીએ.

**આ તન રંગ પતંગનો રે વાયુ કાલે ઉડી જાશે,**
**તારૂ જીવન જોલા ખાશે..આ તન રંગ પતંગનો રે,**
**ભક્તિ કરવા આવ્યો જગતમાં કોલ દઈ હરિ હાથે,**
**ભવ સાગરની ભુલવણીમાં મોયો માયાની સંગે..**
**..આ તન રંગ પતંગનો રે...**

આ ભગવાનની માયા એવી છે કે બહાર નીકળી શકાતું નથી અને નીકળી ગયા તો જન્મ-મૃત્યુમાં આવવું પડતું નથી.

**ન મે મૃત્યુ શંકા ન મે જાતિ ભેદઃ,**
**પિતા નૈવ મે નૈવ માતા ન જન્મ,**
**ન બંધુર્ન મિત્રં ગુરુર્નૈવ શિષ્ય,**
**ચિદાનંદરૂપઃ શિવોઽહમ્ શિવોઽહમ્.**

આ પદ એવુ છે જયાં સુધી આત્મ તત્ત્વને જાણ્યું નહિં ત્યાં સુધી પામી શકાતું નથી. આત્મ તત્ત્વ વધારે સૂક્ષ્મ છે. સામાન્ય ગુરુ ગમે એવા મળે પણ આત્મ તત્ત્વની ઓળખાણ થઈ શકતી નથી. જયારે શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુ મળે ત્યારે આત્મ તત્ત્વની ઓળખાણ થાય છે. આપણે જાણીએ છીએ કે આકાશમાં તારા હોય, નક્ષત્ર હોય, ગ્રહો હોય અને ચંદ્ર પણ સોળે કળાએ ખીલેલો હોય છે તેમ છતાં પણ જયાં સુધી સુર્ય નારાયણનો ઉદય થતો નથી ત્યાં સુધી રાત્રી જતી નથી એવી રીતે જયાં સુધી સાચા સદ્‌ગુરૂ ન મળે ત્યાં સુધી આપણને જ્ઞાન પ્રાપ્ત થતું નથી અને જ્ઞાન ન મળે ત્યાં સુધી મોક્ષ મળતો નથી એટલે સદ્‌ગુરુનો મહિમા છે. એટલે જ આપણે આજનો આ વિષય રાખ્યો છે. "ગુરુભક્તિ". સદ્‌ગુરૂ એ જ મોક્ષદાતા છે. ગુરૂ કૃપા ન થાય ત્યાં સુધી ભવસાગર સુકાતો નથી.

ગુરુએ આપેલ જ્ઞાનનો વિચાર કરીએ તો માધવાનંદજી મહારાજ જે બ્રહ્મપદને પામ્યા તે પદને અવશ્ય પ્રાપ્ત કરી શકીએ. આપણે જ્ઞાન ઉતારીને એવું જીવન જીવીએ એ જ સાચી શ્રદ્ધાંજલી છે.

**પ.પૂ.સ્વામીશ્રી નિશ્ચલદાસજી મહારાજ**

પ્રેમી ભક્ત સમુદાય, અબાલ, વૃદ્ધ માતાઓ બહેનો,

આજનો શુભ પ્રસંગ, આપણને વિષય આપવામાં આવ્યો "ગુરૂભક્તિ" સંત લોગ તો કહે છે કે

**પાની પીના છાન કે, ગુરૂ કરના જાન કે.**

પરમાત્માએ સ્વામીજીને પ્રગટ બ્રહ્મ સ્વરૂપમાં મૂકેલા પણ આપણે કંઈ લાલસાને કારણે જયાં ત્યાં ભટકી ગયા છીએ. ગાડી ખરી પણ ડ્રાઈવર ન હોય તો ગાડી નકામી છે.

**પશુ કી પનિયા બને, નર કા કછુ ન હોય,**
**નર જો ઐસી કરની કરે તો નર સે નારાયણ હોય.**

આપણે જેને શ્રદ્ધાંજલી આપીએ છીએ તેઓ ૧૩૪ વર્ષ પૂર્વે આ વિશ્વમાં આવેલા અને તેમણે પોતાનું જીવન ગુરૂના શરણોમાં સમર્પિત કરવાનું કાર્ય કર્યુ અને ગામો ગામ વિચર્યા અને બ્રહ્મમાં સમાય ગયા. મહા પુરુષોનો દેહાંત થયો નથી પરંતુ તેના સંપ્રદાયમાં જે પણ હોય તે બધા બ્રહ્મલીન થઈ જાય છે. તે અનંત છે, વિભુષિત છે પણ આપણે તેમાં ભળવું પડે. પણ આપણને મોહ, આસક્તિ છે. આમાં કરોડો પતિ હશે, એક ઉદાહરણ આપું.

ધીરૂભાઈ અંબાણી નામશીલ થઈ ગયા. પણ ગયા ત્યારે શું લઈ ગયા ? તમે આમાંના તો નથી ને !! એ બાજુથી અહીં વળો, આજે લોકો એમ કહે કે અત્યારે સંતો પાસે ન મોકલાય પણ ઈંગ્લીશ મીડીયમમાં મોકલે અને પછી બાળકો તમને ઘરડા ઘરમાં મોકલે. બાળકોને સારા સંસ્કાર આપો. આટલું જ કહીશ કે **''કુવામાં હોય તો હવાડામાં આવે.''**

મારા કાઠીયાવાડી ભાઈઓને હું હાથ જોડીને વિનંતી કરું કે પાન મસાલા છોડો. તમે ખાવ છો પણ લાંછન ગુરુને લાગે છે. ગુરુના ચરણમાં આવેલો શિષ્ય અજ્ઞાનતા વશ કંઈ કરે તો દોષ ગુરુને લાગે. ગુરુ ભક્તિ તો શબરીએ પાળી છે. ગુરુ ભક્તિ રાજા જનકે પાળી છે. ગુરુને તન-મન-ધન અર્પણ કરી દીધા.

મિત્રો, પાછા વળજો, શોર્ટમાં જ કહીશ. **''ગુરુ બીના જ્ઞાન નહીં''** સત્-ચિત્-આનંદને સમજવું એ બધાનું કામ છે. ચિતમાં ચિંતન કરો અને આનંદમાં ભળો....

અસ્તુ.
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિ

**પ.પૂ. સ્વામિ શ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ**
**વેદાન્તાચાર્ય**

તત્ત્વજીજ્ઞાસુ ભાઈઓ બહેનો માતાઓ,

આજ જેવી રીતે આપણે જાણીએ છીએ આપણે બધા સ્વામીજી મહારાજના નિર્વાણ જયંતિ મહોત્સવ નિમિત્તે એકત્રીત થયા છીએ. ૧૩૪ વર્ષે પૂર્વે શરીર છોડયું જેમણે આપણને જીવનની દિશા બતાવી. સજ્જનો, શાસ્ત્રમાં ગુરુની બહુ મહિમા છે. જયાં સુધી સાક્ષાત્ પરમેશ્વરનો અનુગ્રહ ન થાય ત્યાં સુધી સદ્‌ગુરુ નથી મળતા અને મળે તો સમજવું કે પરમ સદ્‌ભાગ્ય છે. ભગવાન શ્રી શંકરાચાર્યજી કહે છે કે,

**ઉપસ્થિતે પ્રાણ હરે કૃતાન્તે,**
**કિમાશું કાર્યં સુધિયા પ્રયત્નાત્ ।**
**વાક્કાય ચિત્તૈઃ સુખદં યમઘ્નં,**
**આચાર્ય પાદાં બુજમેવ ચિંત્યમ્ ।।**

પ્રાણનો હરવાવાળો કાળ ઉપસ્થિત થાય ત્યારે શું કરવું ? સુખ દેવાવાળા ગુરુના ચરણનું ચિંત્તન કરવું ઉપાસના બે પ્રકારની છે પ્રતિક ઉપાસના અને અંહગ્રહ ઉપાસના પણ આપણને આલંબનની જરૂર છે. બે આલંબન છે. જડ આલંબન અને ચેતન આલંબન. જડ આલંબનથી આપણે અંતઃકરણ શુદ્ધ કરી શકીએ. (પૂજન કરીને). પરંતુ ચેતન આલંબનમાં તો પૂજન થાય. અંતઃકરણ શુદ્ધ થાય અને વિવેક, વૈરાગ્ય આદિ સાધન ચતુષ્ટ પ્રાપ્ત થાય.

આજે ૧૩૪ વર્ષે પણ તેમાં નિષ્ઠા રાખી અને ગુરુનો ઉપદેશ લઈ તેને જીવનમાં ઉતારીએ.

પરમાત્માના ચરણોમાં એ જ પ્રાર્થના કે આપણે વહેમ, વાસના, વિકારથી દૂર રહીએ એ જ સાચી શ્રદ્ધાંજલી...

**પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ**
**વેદાન્તાચાર્ય**

ભાવિક ભક્તજનો,

આજે ગુરુ ભક્તિ અને તેની સાથે શ્રદ્ધાંજલિ આપણે શિષ્ય તરીકે ભાવાંજલિ ભક્તિના રૂપમાં અર્પણ કરવાની. જેના વિષયમાં આપણા પ.પૂ. અનન્ત શ્રી વિભૂષિત પૂજ્ય પાદ સ્વામી ચિદાનંદજી મહારાજશ્રીએ આપણી આ માધવ પરંપરાને જયારે એમ એમણે બહું સુંદર રૂપ આપ્યું અને એમણે ગુરુગીતા જયારે છપાવી અને એ ગુરુગીતા છપાવતા તેમણે ઘણા બધા ગ્રંથોનું સંકલન કર્યુ. વેદ, ઉપનિષદ સાથે સાથે પૂરાણ અને સ્મૃતિ ગ્રંથોના સંકલન અંતર્ગત આચાર સંહિતા સાથે આપણને ઉત્થાન વિધિ સહિત

અને એક પરંપરામાં જે આપણી એક સમિધાનિક આ ધારા એણે સનાતન ધર્મની અંદર કેવી રીતે આપણે ગુરુભક્તિ કરી શકીએ. એમાં ગુરુ અને શિષ્યના લક્ષણ સાથેની બહું સુંદર વ્યવસ્થા આપી. ચિદાનંદ સ્વામીજીએ ખરેખર જે યોગદાન આપ્યું છે અને એમણે ગુરુભક્તિ તરીકે સદ્‌ગુરુના ચરણોમાં એક શ્લોક બનાવ્યો છે. ૧૫૩ માં પાના ઉપર છે.

**ન યેષાં વિદ્યા નો વિમલધનમીષત્ર ચ ગુણાઃ**
**સદા લોકૈસ્ત્યક્તા બહુકલુષયુક્તાઃ શ્રુતિજડાઃ ।**
**શરણ્યં યં તેઽપિ પ્રસૃતગુણમાશ્રિત્ય સુજના**
**વિમુક્તાસ્તં શ્રી માધવગુરુમહં નૌમિ સતતમ્ ॥**

બહુ સુંદર તેમણે સદ્‌ગુરુના શરણમાં સ્તુતિ કરી અને હૃદયની બહુ દિવ્ય ભાવાંજલિ અર્પણ કરેલી છે. એમણે ભક્ત કેવો હોય છે ? તો "જેની પાસે કોઈ પણ પ્રકારની વિદ્યા નથી એટલું જ નહીં જેની પાસે પવિત્ર ધન પણ નથી એટલું જ નહિ શ્રુતિઓની અંદર જડ છે શાસ્ત્રનું કોઈપણ પ્રકારનું જ્ઞાન પણ નથી અને સમાજની અંદર જેને નાતબારો મુક્યો હોય (જેમ નરસિંહ મહેતાને નાત બહાર મૂકયા)અને જેના જીવનમાં એટલો બધો કલેશ છે દુઃખી છે પણ આવો વ્યક્તિ પણ ચિદાનંદજી મહારાજે અનુભવ કર્યો છે કે મારા ગુરૂ કેવા મહાન છે કે આવો વ્યક્તિ પણ જો સદ્‌ગુરુના શરણે આવી જાય પ્રસૃત ગુણને આશ્રિત થઈ સદ્‌ગુરુના શરણે એની કૃપાને પાત્ર થઈ અને જીવનમાં એક તમન્ના લઈ તમામ પ્રકારના બંધનમાંથી મુક્ત થઈ જાય છે એવા મારા ગુરુને હું નમસ્કાર કરું છું. હું એમના ચરણે છું."

ગુરુની પાસે તો જઈએ પણ મોટી તકલીફ એ છે કે સત્સંગનો લાભ લેતા નથી.

**યાદૃશી ભાવના યસ્ય સિદ્ધિ ભવતિ તાદૃશી**

જેવી ભાવના કરીએ તેવું ફળ મળે. ગુરુ આપણી દ્રષ્ટિ બદલે છે ભગવાન અર્જુનને કહે છે કે દિવ્ય ચક્ષુ દ્વારા તું આ જગતને જો. એ માધવાનંદજી મહારાજે આપણને દિવ્ય ચક્ષુ આપી છે અને ચિદાનંદજી મહારાજે એ દિવ્ય ચક્ષુ દ્વારા ગુરુજીના દર્શન કર્યા ત્યારે તેમને આ જગતની અંદર બ્રહ્મ દ્રષ્ટિ થઈ ગઈ બ્રહ્મ સત્ય છે. જગત મિથ્યા છે એ જગત મિથ્યા છે તેને શૂન્ય કહે છે. પણ શૂન્યની અંદર આપણને ગુરુ પૂર્ણ શબ્દનો અનુભવ કરાવે છે.

**શૂન્યમાં પૂરણ દેખે સોય,**
**મૃત્યુ તેને અમૃતનું ફળ હોય.**

દિવ્ય ચક્ષુ દ્વારા દિવ્યના દર્શન કરી આપણે પરમ મોક્ષના ભાગી થઈ શકીએ છીએ હે ગુરુદેવ ! આપ જે દ્રષ્ટિ આપો તે દ્રષ્ટિથી જ અમારે જીવન જીવવું છે. આપણે મોક્ષના ભાગી બનીએ એ ભાવાંજલિ સાથે સદ્‌ગુરુના શરણોમાં પુષ્પાંજલિ અપર્ણ કરું છું.
સદ્‌ગુરુ દેવકી જેય..

**પ.પૂ.બ્ર.શ્રી સુરેશ્વરાનંદજી મહારાજ શાસ્ત્રી**

આજનો આ પરમ પવિત્ર અવસર આપણને પ્રાપ્ત થયો છે અહીં ત્રિવેણી સંગમ છે. આપણે બધા અહીં સ્નાન કરવા આવ્યા. ગુજરાતનું દક્ષીણ પ્રયાગ માનવામાં આવે છે એવી ભગવતી માઁ નર્મદા એમાં પાછા બાપાની સમાધી અને આજે ૧૩૪ મો સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો નિર્વાણ જયંતિ મહોત્સવ આ ત્રિવેણી સંગમની અંદર આપણે સ્નાન કરી રહ્યા છીએ. તમારી સામે બીરાજેલા મંચસ્થ મહાપુરુષો આશિર્વાદનો વરસાદ વરસાવી રહ્યા છે. આજે ગુરુની આજ્ઞાનું પાલન કરવું એ મોટામાં મોટી સેવા છે.

શ્રદ્ધાંજલી કોને કહેવાય ? ૫ રૂા. નો હાર ચડાવો તે શ્રદ્ધાંજલી છે ? .... ગુરુના અને વેદના વાક્યોમાં વિશ્વાસ હોય તે શ્રદ્ધા અને તેની અંજલિ તે શ્રદ્ધાંજલિ કહેવાય. આપણી પરંપરામાં માધવાનંદજી મહારાજે ઉપાસના બતાવી ૨૦૦ વર્ષ પહેલા ગુરૂગીતાનો પાઠ અને આરતી ઉપાસનાથી અંતઃકરણ શુદ્ધ થાય છે.

**આજ્ઞા પાલન મેવાહું સંત સેવા સનાતની**

પગ દબાવવું ને ગળુ દબાવવું એ સેવા નથી આજ્ઞા પાલન કરવું તે મોટામાં મોટી સેવા છે. આપણે આજ્ઞામાં રહીએ તો મન જીતાય છે.

**''મન કે મતે, ન ચાલિયો, મન ચંચલ મન ચોર''**
**''મન ભૂત તણી પેરે ભમતું,**
**ચાલે માયાની સંગે રમતું.**
**એને પ્રભુ ભજવાનું નથી ગમતું,મન માને નહિં.''**

મન જીતાતું નથી કેમ નથી જીતાતું ? અહીં બેઠા છો. મંડપની અંદર માળા કરવા અને મન કયાં ગયું સુરત ને મુંબઈ ને ભાવનગર લગ્ન ચાલે છે ને મનને જીતવું હોય તો ગુરુના ચરણમાં સોંપી દેવું.

**ગુરોરંઘ્રિપદ્મે મનશ્ચેન્ન લગ્નં,**
**તતઃ કિં તતઃ કિં તતઃ કિં તતઃ કિમ્.**

મનને સોંપી દો ગુરુ મુખી બનો બાપાના ધામમાં આવ્યા છો તો સંકલ્પ કરો અને ગુરુમુખી થાવ, ગુરુની આજ્ઞામાં રહો.

**તદ્વિજ્ઞાનાર્થં સ ગુરુમેવાભિગચ્છેત,**
**સમિત્પાણિ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠં.**

પરમાત્માને જાણવા માટે ગુરુના ચરણોમાં જવું પડે છે. પણ મન જવા દેતું નથી.

**મંદિરે જાતા એના દુઃખે છે ટાટીયા,**
**આમ તો રખડી રખડી આવે સુરત ગામ**
**લોકડીયા લાજી મરે છે.**

ઉપાસના છોડી એટલે મન જીતાતું નથી. માધવાનંદજી મહારાજે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી કે રોજ સવારે ઊઠીને પાઠ, સાંજે આરતી અને રાત્રે પ્રાર્થના કરવી. આ કરે એ જ શિષ્ય છે અને ન કરો તો પાપના ભાગી થશો. ગુરુની આજ્ઞામાં રહેવું એ મોટામાં મોટી શ્રદ્ધાંજલિ છે. સંકલ્પ કરો આજે સંતોની સામે, બાપાની સમાધિ છે બોલો,

**'હું આજથી સવારનો પાઠ, સાંજની આરતી, રાત્રે પ્રાર્થના કર્યા પછી જ ભોજન કરીશ.'**

આ બધા સાક્ષી બેઠા છે ને નહીં પાળો તો પાપના ભાગીદાર થશો પ.પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીના ચરણોમાં વાક્ય પુષ્પાંજલિ સમર્પિત કરું છું.
બોલ સચ્ચિદાનંદ ભગવાન કી જે....

### પ.પૂ. સ્વામીશ્રી મોહનાનંદ સાગરજી મહારાજ
### વેદાન્તાચાર્ય

સત્સંગ પ્રેમી ભાઈઓ અને બહેનો,

આજે આપણે પ.પૂ. પ્રગટ બ્રહ્મ સ્વરૂપ અનન્ત શ્રી વિભૂષિત આપણા સદ્‌ગુરુ ભગવાન શ્રી માધવાનંદજી મહારાજના ૧૩૪ માં નિર્વાણ જયંતિ મહોત્સવે સત્સંગનો લાભ લેવા એકત્રીત થયા છીએ. જયાં સુધી પરમેશ્વરની કૃપા થતી નથી ત્યાં સુધી સત્ શાસ્ત્ર અને સદ્‌ગુરુની પ્રાપ્તિ થતી નથી તુલસીદાસજી રામચરિત માનસમાં બતાવે છે કે જયાં સુધી સદ્‌ગુરુની પ્રાપ્તી ન થાય ત્યાં સુધી સંસાર સાગર તરતો નથી.

**ગુરુ બિન ભવ નિધી તરહી ન કોઈ**
**બંદઉ ગુરુ પદ પરમ પરાગા**

પ્રથમ ગુરુની વંદના કરે છે અને મીરાબાઈએ કહ્યું છે કે

**ભવસાગર સબ સુખ ગયા હૈ (૨)**
**ફીકર નહિ મોહે તરનન કી (૨)**
**મોહે લાગી લગન ગુરુ ચરનન કી,**
**ચરન બિના મોહે કછુ નહીં ભાવે,**
**જૂઠ માયા સબ સપન ન કી (૨) મોહે...**

તો દર વર્ષે આપણે આવા સત્સંગનો લાભ લઈ રહ્યા છીએ અને સાંસારીકમાં તમે જુઓ તો પાસપોર્ટ દરવર્ષે રિન્યુ કરવાનો હોય તેમ આપણે પણ જ્ઞાન રિન્યુ કરાવતા રહીએ તો જ્ઞાન તાજુ રહે.

કોઈને કોઈ પ્રકારની ખામી, ઊણપ, ક્ષતિ ન રહે સર્વે સર્વ પ્રકારે સુખી સંપન્ન થાય.

સર્વત્ર સુખીનઃ
પ.પૂ.સ્વામીશ્રી માધવાનંદજી મહારાજકી જૈ

### પ.પૂ. સ્વામીશ્રી ભૂમાનંદ સાગરજી મહારાજ
### વેદાન્તાચાર્ય

ભાવિક સર્વે ભક્તવૃંદ,

પરમ કૃપાળુ પરમાત્માની મહાન કૃપાથી આજે આપણા જીવનને સફળ કરવા માટે આપણે ૧૩૪ મો નિર્વાણ જયંતિ મહોત્સવ મનાવી રહ્યા છીએ. કારણ કે આ નિર્વાણ જયંતિ મહોત્સવ શ્રેષ્ઠ છે. આ પદ શ્રેષ્ઠ છે. ગુરુ ભક્તિ દ્વારા આ પદ પ્રાપ્ત કરી શકાય છે. અજ્ઞાનથી જીવો પોતાના સ્વરૂપને ભૂલી ગયા છે. આ મહોત્સવ નિમિત્તે આપણે સૌ ઉપસ્થિત થયા અને સુંદર વિષય પણ રાખવામાં આવ્યો 'ગુરૂભક્તિ'. કોઈ પણ જીવ સમજે કે હું ગુરુ વિના ભવસાગર તરી જઈશ તો તે શક્ય નથી જેમ સમુદ્ર જહાજ વગર પાર કરી શકાતો નથી એમ આ સંસારરૂપી સમુદ્રમાં જેને સદ્‌ગુરુ પરમાત્મા રૂપી આશ્રય મળી જાય તે તરી જાય છે. જેનામાં તાલાવેલી છે તે ગુરુભક્તિ કરી શકે છે.

**ગુરુચરણામ્બુજ નિર્ભરભક્તઃ,**
**સંસારાદચિરાદ્‌ભવ મુક્તઃ,**
**સેન્દ્રિયમાનસનિયમાદેવં,**
**દ્રક્ષ્યસિ નિજહૃદયસ્થં દેવમ્...ભજ ગોવિન્દં...**

આદ્ય જગદ્‌ગુરુ કહે છે કે ગુરુનો આશ્રય લ્યો તેમની ભક્તિ કરો. સદ્‌ગુરુ પરમાત્માની ભક્તિ કરો તો ભવસાગર તરી જશો ભક્તિનો અર્થ છે.
'ભ' એટલે ભવસાગરથી તારે છે
'ક' એટલે કૃપા કરે છે.
'તિ' એટલે આપણા જીવનની અંદર અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનરૂપી પ્રકાશ કરે છે. અમે નિરંતર સદ્‌ગુરુ જયારે જેવી પરમાત્માની આજ્ઞા અનુસરીએ સંસારમાં ગમે એટલું હોય, વૈભવ હોય, પરંતુ સદ્‌ગુરુના ચરણોમાં મન સમર્પિત ન કરીએ ત્યાં સુધી તે કંઈ નથી. સર્વ પ્રકારના અનેક પ્રકારના તાપ આધિ, વ્યાધિ, ઉપાધીથી પાર થઈ જાય અને નિજાંનંદની અનુભૂતિ થઈ જાય એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના...
બોલીએ સચ્ચિદાનંદ ભગવાન કી જૈ...

### પ.પૂ.મહંત શ્રી સ્વામી વિવેકાનંદજી મહારાજ
### જ્ઞાન સાધનાશ્રમ-ચાણોદ

ભક્તો ભક્તિમતિ માતાઓ,

આજે આપણે વિશ્વના એક એવા અદ્વિતીય એવા મહાપુરુષને શ્રદ્ધાંજલિ આપવા એકત્રિત થયા છીએ. જયારે જેવી પરમાત્માની વિભૂતીની જરૂર પડતી હોય ત્યારે તેવી વિભૂતીને મોકલતા હોય છે. આપણામાંથી કોઈએ તેને જોયેલા નથી પણ કાર્યથી કારણનું અનુમાન કરવામાં આવે છે. કે કાર્ય આવું છે તો કારણ કેવું હશે. આ આવડી મોટી પરંપરા અને તેમના કાર્યો આ માધવ પીઠાધિશ્વરના કાર્યોને જોઈને આપણે અનુમાન કરી શકીએ કે તેઓ કેવા હશે !! એક વ્યક્તિમાં ભગવનાનું દર્શન કરવું તે ભક્તિ છે. પરંતુ દરેક વ્યક્તિમાં ભગવાનનું દર્શન કરવું તે ભક્તિની પરાકાષ્ઠા છે. વધુ સમય ન લેતાં મારી વાણીને વિરામ આપું...

**પ.પૂ.સ્વામીશ્રી ગુરુચરણ દાસજી મહારાજ**
**સંતરામ મંદિર નડિયાદ**

સ્વામીને સમર્પિત થયેલા ભાવિક ભક્તો,

આજે સ્વામીજીની ૧૩૪ મી તીથિ છે. જેમ ભમરી ઈયળને ડંખ માર્યા કરે અને એટલા ડંખ મારે કે ઈયળ પોતે પોતાને ભૂલી જાય અને તે ભમરી બની જાય બસ એ જ રીતે સ્વામીજી વારંવાર કહે કે ‘તું કોણ છે ?’ ‘કયાંથી આવ્યો છે.’ ‘તારે કયાં જવાનું છે ? ’ તું સત, ચિત ને આનંદ સ્વરૂપ છો.

પરમાત્માને ઓળખવા બહું અઘરા છે. તેને પામવા બહુ કઠીન છે એ જ પરમાત્મા પૃથ્વી પર કોઈને કોઈ રૂપે અવતાર લે છે. ભક્તોના કલ્યાણ માટે તેમને સાચો રસ્તો દેખાડવા માટે મહાપુરુષો તો સાધના કરતા કરતાં શ્રવણ, મનન, નિદિધ્યાસન કરતાં કરતાં પોતાના સ્વરૂપમાં નિષ્ઠ થઈ જાય છે.

આપણે બધા ગુરુની સેવા કરીએ પણ ગુરુની કૃપા કયારે ઉતરે ? અસલી ગુરુની કૃપા થઈ કયારે ખબર પડે ? જયારે જીવ જાગી જાય. તમે મોહરૂપી નિદ્રામાં સૂઈ ગયા છો તો જાગો અહીં બાથોડીયા ન મારો. ત્યાં બાથોડીયા મારો જે પ્રાપ્ત કરવાનું છે ગુરુના પગ દબાવવાથી પૈસા આપવાથી ગુરુ રાજી થતા નથી.

**યસ્ય દેવે પરા ભક્તિર્યથા દેવે તથા ગુરૌઃ**
**તસ્યૈતે કથિતા હ્યર્થાઃ પ્રકાશન્તે મહાત્મનઃ**

જેવી પરમાત્માની ભક્તિ કરો એવી જ ગુરુની ભક્તિ કરવી જોઈએ. રાગ-દ્વૈષથી અંતઃકરણ મલિન થઈ ગયું છે જાગો તો બેડો પાર થઈ જાય. આ અંતઃકરણ શુદ્ધ થાય તો જ ગુરુના રૂપે પરમાત્માના દર્શન થાય.

સમાજના લોકોને જગાડવા માટે આવા ઉત્સવો કરવામાં આવે છે. આ સાથે મહારાજશ્રીના ચરણોમાં શ્રદ્ધા સુમન અર્પણ કરી હું ધન્યતા અનુભવું છું.

**પ.પૂ.સ્વામીશ્રી વિવેકાનંદ સાગરજી મહારાજ**
**વેદાન્તાચાર્ય**

તત્ત્વજીજ્ઞાસુ ભક્તજનો,

આજે હું ને તમે બધા સ્વામીજી મહારાજના ૧૩૪ માં નિર્વાણ જયંતિ મહોત્સવે એકઠા થયા છીએ. વિષય છે ‘ગુરુભક્તિ’. હકીકતમાં કહીએ તો સવારે પાંચ વાગ્યાથી એક મનથી અહીં બેઠા એ ગુરુભક્તિ જ છે ગુરુભક્તિ માટે વિશેષ કંઈ કરવાનું નથી. ગુરુના વાક્યોમાં શ્રદ્ધા એ ગુરુભક્તિ છે. આ જંગમ સ્વરૂપ સંતો બિરાજમાન છે. આ સંતોના દર્શન કરશો અને જેવી ભાવના કરો તેવું ફળ મળે અને જો સાત્ત્વિક ભાવના હોય તો કલ્યાણ થઈ જાય.

સંતોના ચરણોમાં એ જ પ્રાર્થના કરીએ કે આવા ને આવા સંતોના દર્શન થાય અને ભક્તિ વધતી જાય.

સદ્‌ગુરુ દેવ કી જૈ..

**પ.પૂ.મહંત શ્રી સ્વામી મુરારીદાસજી મહારાજ,**
**સંતરામ મંદિર-કરમસદ**

ભાવુક ભક્તવૃંદ,

માઁ નર્મદાનો પાવન તટ હોય એમાંય સ્વામીજી મહારાજશ્રી અખંડાનંદ સ્વામીજીનું સમાધી સ્થાન હોય, એમાંય પ.પૂ. પ્રગટ બ્રહ્મ સ્વરૂપ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૪ મો નિર્વાણ જયંતિ મહોત્સવ હોય અને એમાં પણ સૌ સંતવૃંદ હોય તો તેનાથી વધુ ધન્ય ક્ષણ કઈ હોય !!!

સંસદ જેને ચૂંટે છે તે સત્તાધીશ બને અને સ્વામી જગદીશાનંદજી મહારાજને જે ચૂંટે છે તે સચ્ચિદાનંદ ધામને પહોંચે છે. બધા દેવોની મૂર્તિની પૂજા થાય છે જયારે સંતોની પ્રતિમા પૂજાય છે. તેમનું સ્મરણ આજે પણ થાય છે. તે તેમની પ્રતિભા છે. આ પ્રસંગ આપણને શું આપીને જાય છે. તે બતાવું જયારે ઉનાળામાં વટેમાર્ગુ જતા હોય તે રસ્તે તડકામાં જાય અને તરસ લાગે તો કોઈને પૂછે કે એટલામાં કયાંય પાણી મળશે ? તો કોઈ કહે અહીં બાજુમાં છે તો તે ઈન્ફોર્મેશન છે. પાણી મળે પણ તેમાં કચરું હોય તો તે પાણી પીવાય કે ન પીવાય ? તે પાણી ન પીવે તે ડહાપણ છે. તે પાણી છોડી દે ને કહે કે હું તરસ ચલાવી લઈશ. બસ, સંતો આપણા જીવનમાં ડહાપણ વધારે

છે. જેમ લાકડાની ચીપ આપણને કયારેય ડૂબાડતી નથી. એમ જો સંતોનું એક વાક્ય પણ અંદર ઊતરી જાય તો બેડો પાર થઈ જાય. પૂ. અખંડાનંદજી મહારાજ તથા બધા સંતોને યાદ કરતા આપ સૌને મારા જય મહારાજ.

જય સચ્ચિદાનંદ...

**પ.પૂ.મહંતશ્રી સ્વામી રમેશપુરીજી મહારાજ, જાગનાથ મહાદેવ–આણંદ.**

ભક્તિ સ્વરૂપ ભાઈઓ બહેનો,

આજ પરમ પવિત્ર એક તપોભૂમિ નર્મદા તટ કે ઉપર માધવાનંદ આશ્રમ મેં હમ ઔર આપ ઉપસ્થિત હૈ. ૧૩૪ વા નિર્વાણ જયંતિ મહોત્સવ મનાને કે લીયે. અભી જીતને મહાપુરુષોને અપને અપને ભાષન મેં બોલા હૈ ગુરુભક્તિ કે ઉપર વિશેષ જોડ દીયે હૈ. ભક્તિ કયા હૈ ? સમર્પિત હોના ભક્તિ હૈ. ભગવાન મેં સમર્પિત હો જાઓ, અપને ઈષ્ટદેવ મેં સમર્પિત હો જાઓ, અપને ગુરુ મેં સમર્પિત હો જાના ગુરુ ભક્તિ હૈ. જહાં તક ગુરુ ભક્તિ બાત હૈ. જબ જબ પ.પૂ. પ્રગટ બ્રહ્મ સ્વરૂપ ભગવાન શ્રી માધવાનંદજી મહારાજ કા નિર્વાણ જયંતિ મહોત્સવ મનાયા જાતા હૈ ઔર જહાં ભી હાજરી દેતા હું, ભક્તિ અગર દેખતા હું, તો માધવાનંદ પરિવાર મેં ગુરુભક્તિ દીખતી હૈ ગુરુ શબ્દ દો અક્ષર સે બનતા હૈ. 'ગુ' માને અંધકાર, 'રું' માને માયા સે મુક્ત કરતા હૈ વો ગુરુ હૈ.

તો આપ લોગ માધવાનંદ પરિવાર મેં ગુરુભક્તિ દેખતા હું. આપ લોગ ગુરુ ભક્તિ કે સ્વરૂપ હો. ગુરુ કી આ પર વિશેષ કૃપા હૈ. ઐસે મહાપુરુષ કે ચરણો મેં શ્રદ્ધાંજલી સમર્પિત કરતા હૂં ઔર અપની વાણી કો સમર્પિત કરતા હૂં.

ૐ નમઃ પાર્વતી પતયે... હર હર મહાદેવ હર...

**પ.પૂ. સ્વામીશ્રી હરિશાનંદજી મહારાજ ભાગવતાચાર્ય**

ભક્તવૃંદ,

આજે આપણે સ્વામી માધવાનંદજી મહારાજના નિર્વાણ જયંતિ મહોત્સવે એકઠા થઈએ તો કંઈક લઈને જઈએ જ્ઞાન વગર મુક્તિ થતી નથી. આ જગતમાં જ્ઞાન જેવું પવિત્ર બીજું કંઈ નથી. જ્ઞાન કઈ રીતે મળે ગુરુની કૃપાથી જ્ઞાન મળે છે.

**'ગુ' શબ્દસ્ત્વન્ધકારોऽસ્તિ 'રૂ'શબ્દસ્તન્નિરોધકઃ**
**અન્ધકારવિરોધિત્વાદ્ ગુરુરિત્યભિધીયતે.**

'ગુ' કારનો અર્થ અંધકાર છે અને 'રૂ' શબ્દ પ્રકાશનો વાચક છે. જે આપણામાંથી અજ્ઞાન દૂર કરે તે ગુરુ છે. દત્તાત્રેયે પ્રકૃતિના તત્ત્વોને ગુરુ બનાવ્યા ગુરુ છે એ માર્ગદર્શક છે. સંસારમાં ભટકેલા જીવોને માર્ગદર્શન કરે છે. સંતો કોઈને કોઈ પ્રકારે જ્ઞાન આપે છે જેથી જગતના જીવોનું કલ્યાણ થઈ શકે.

એક જગ્યાએ એક રાજા હતો સમ્રાટ તેને ત્રણ દીકરા હતા સમ્રાટને ચિંતા થઈ. ચિંતામાંને ચિંતામાં એક સંત પાસે જાય છે રાજાને ચિંતા હતી કે ત્રણ દીકરામાંથી કોને સમ્રાટ બનાવું ? સંતે રસ્તો બતાવ્યો. રાજાએ ત્રણેને બોલાવી સો-સો રૂા. આપે છે અને કહે કે આ સો રૂપિયાથી તમારું ઘર ભરી દો. એક મહિના પછી હું તમારા મહેલે આવીશ. તો પેલો વિચાર કરે છે કે ૧૦૦ રૂા. માં શું આવે ? જુગાર રમું અને ઘર ભરી દઉં તો જુગાર રમવા ગયો ને હારી ગયો. બીજાએ વિચાર કર્યો કે ૧૦૦ રૂા. માં ઘર ભરાય નહીં તો તેણે ઘર ભરવા માટે ૧૦૦ રૂા. નો કચરો લઈ ઘર ભરી દીધું જયારે ત્રીજાએ વિચાર કર્યો અને તે ૫૦ રૂા. ના દિવા અને ૫૦ રૂા. ની અગરબતી લીધી. એક મહિનો પૂરો થતા રાજા પેલા દિકરાને ઘરે ગયા અને પૂછયું કે ૧૦૦ રૂા. નું શું કર્યું તો કહે કે હું જુગાર રમ્યો તો રાજા વિચાર કરવા લાગ્યા કે આ પુત્ર ઉતરાધિકારી નથી. પછી બીજા દીકરાને ત્યાં ગયા ત્યાં તો દુર્ગંધ આવવા લાગી રાજાએપૂછયું કે પુત્ર, તે સો રૂપિયાનું શું કર્યુ ? તો કહે કે ૧૦૦ રૂા. માં ઘર ન ભરાય એટલે ઘર ભરવા માટે હું ૧૦૦ રૂા. નો કચરો લાવ્યો. તો રાજાએ નક્કી કર્યુ કે આ મારી સંપત્તિનો ઉત્તરાધિકારી ન બની શકે. હવે રાજા ત્રીજા દીકરાને ઘરે ગયા તો આ દિકરાએ તો બધા દિવા પ્રગટાવેલા અને આખું ઘર સુગંધ યુક્ત હતું રાજા ખુશ થઈ ગયા તેણે પૂછયું કે દિકરા તે શું કર્યુ ? તો કહે કે મે ૫૦ રૂા. ના દિવા લીધા અને ૫૦ રૂા. ની અગરબત્તી લીધી અને ઘર ભરી દીધું તો આ પુત્ર રાજાની સંપત્તિના ઉત્તરાધિકારી માટે યોગ્ય છે.

એમ ૧૦૦ વર્ષનું આયુષ્ય ભગવાને આ પણને આપ્યું છે તો આપણે જુગાર તો નથી રમતાને !!! કોઈ પ્રતિષ્ઠાની પાછળ, કોઈ માનની પાછળ કોઈ પૈસાની પાછળ, એ દુઃખ માટેની દોડ છે કે હું કઈ રીતે દુઃખ પ્રાપ્ત કરું ! પરમાત્મા કહે કે આ દિકરો મારો ઉત્તરાધિકારી બનવા માટે યોગ્ય નથી બીજા દિકરાએ આખું ઘર કચરાથી ભરી દીધું એમ કાંઈક આપણે જીવનને બીજાની નિંદા-કુંથલીથી તો નથી ભરી રહ્યાને !! અને ત્રીજા દીકરાએ પ્રકાશ અને સુગંધથી ઘર

ભરી દીધું તો આપણે સેવારૂપી સુગંધ અને સત્સંગરૂપી પ્રકાશથી જીવન ભરી દેવું.

માયા સંપત્તિ ખોટી નથી પરંતુ **'અસંતુષ્ટા દ્વિજા નષ્ટા'** બ્રાહ્મણ અસંતોષી થાય તો તેનો નાશ થાય અને રાજા સંતોષ પામે તો તેનો નાશ થાય. અનાસક્ત થઈ ધનનો વ્યવહાર કરવો. આપણી ભક્તિમાં એ પણ સાધન બનશે. ભગવાને જે સુખ સુવિધાના સાધનો આપ્યા છે તે ભગવાનમાં વાપરવા જોઈએ. મનુષ્ય શરીર તપ કરવા માટે મળ્યું છે તો સદ્‌ગુરુ પરમાત્માના ચરણોમાં પ્રાર્થના કરી મારી વાણીને વિરામ આપું.

### પ.પૂ.મહંતશ્રી સ્વામી જયરામગિરિજી મહારાજ
### બાપેશ્વર મહાદેવ-કરમસદ.

**ગુરૂ ગોવિંદ દોનો ખડે કિનકો લાગુ પાય,**
**બલિહારી ગુરુદેવ કી જીને ગોવિંદ દીયો બતાય.**

પરમાત્મા કો મિલાને વાલે ગુરુ હૈ. ગુરુ ના હો તો પરમાત્મા કો મિલાને વાલા કોઈ નહિ હૈ આ સુંદર મહોત્સવ મેં બધાના હૃદય ભેગા થયા. આતો જગદીશાનંદજીના પ્રેમથી બધા ભેગા થાય છે. શ્રદ્ધાંજલિ ભાવાંજલિ માટે આવ્યા છે. તો એ વાણી ઉસકે ચરણો મેં સમર્પિત કરતા હૂં.

### પ.પૂ.મહંતશ્રી સ્વામી માધવતીર્થજી મહારાજ
### ૐ કાર સાધનાશ્રમ લાભવેલ, આણંદ

સચ્ચિદાનંદ અનુરાગી,

આપણા બધા સંતો બોલી રહ્યા છે. હજી સંતોષ થયો નથી અને બધા એક જ વાત કરે છે. આપણે બધાએ ગુરુ મહારાજની ભક્તિ કરવાની છે અને કરો છો તો નવીન શું ? બધા શિષ્યો થવા પ્રયત્ન કરે છે ઘણાં બધા આગળ બેઠા ગર્વ પણ કરતા હશે કે અમે ગુરુના શિષ્યો છીએ. ગુરુનું માનવું પણ જોઈએ અર્જુન તો કહે છે **'કરિષ્યે વચનં તવ'** લોકો કહે કે ગુરુજી આશિર્વાદ આપતા જ હોય છે પણ આપણે પાત્ર બનવાની જરૂર છે.

એકવાર એક સાસુ કહે કે વરસાદ આવે છે તો પાણી ભરવા માટે તપેલું મુકી દો. પણ તેને કેમ મૂકવું તે સાસુએ ન કહ્યું તો વહુએ એ તપેલું ઊંધુ મુકયું તેથી પાણી ભરાયું નહીં સાસુ એ પાણી માંગ્યું કે તપેલું વરસાદમાં મુક્યું હતું તે પાણી લાવો તો વહું કહેકે પાણી તો ભરાયું જ નથી કારણ કે તપેલું તો ઊંધુ મૂકયું હતુ માફ કરજો પણ તમારું તપેલું ઊંધુ તો નથીને ! સન્મતિ આપે તે ગુરુ સંપત્તિ અને સંતત્તિ આપે તે ગુરુ નહીં.

પ્રભુ આપ એવી શક્તિ આપો કે આપો ત્યારે ભક્તિ ને શક્તિ એક થઈ જાય.

### પ.પૂ.સ્વામી શ્રી પ્રકાશાનંદ સાગરજી મહારાજ
### વેદાન્તાચાર્ય

પ્રિય સજ્જનો,

ગુરુ ભક્તિનો વિષય છે આગળના બધા વક્તાએ બતાવ્યું કે ગુરુ ભક્તિ શું કહેવાય. માન-અભિમાન છોડીને ગુરુ શરણે આવવું અને ભક્તિ તો કરી એકલવ્યએ. જયારે પાંડવ અને કૌરવને ગુરુ દ્રૌણ શિક્ષા આપતા હતા ત્યારે આ ભીલને વિદ્યા ન અપાય એમ કહી તેને વિદ્યા આપી નહી પરંતુ તેને તો ભક્તિ હતી તો ગુરુદેવની મૂર્તિ બનાવી અને વિદ્યા પ્રાપ્ત કરી એકવાર હસ્તિનાપુરનો કૂતરો ભસતો હતો તો એકલવ્યએ તેને બાણ માર્ય પણ મોં માંથી લોહી નીકળ્યું નહીં તો અર્જુન કહે કે આની કેવી ગુરુભક્તિ ? ત્યાં ગયા તો ગુરુ દ્રૌણ કહે કે આનો તો મેં ત્યાગ કર્યો હતો અને તેમણે ગુરુદક્ષીણામાં અંગુઠો માંગી લીધો.

**એકલવ્ય ગુરુ સેવા કરતો,**
**મૂર્તિ ગુરુજીની ધ્યાનમાં ધરતો,**
**અંગૂઠો દેતા પણ ના ડરતો,**
**ચિત્તમાં શ્રદ્ધા રાખીને,**
**શિવાજીએ ગુરુ સેવાનું કામ કીધું,**
**ગુરુજીનું વચન માની લીધું,**
**સિંહણનું દુધ આણી દીધું,**
**ચિત્તમાં શ્રદ્ધા રાખીને.**

આપણે બધા અહીં આવ્યા છીએ વિચાર કરો કે એકલવ્યએ અંગુઠો આપ્યો ગુરુવચન શિરોધાર્ય એ ગુરુભક્તિ છે.

**ગુરુપદ પંકજ પૂજતા, ચૌદે લોક પૂજાય,**
**શિવ વિરંચીને શારદા, ગુરુ તણા જશ ગાય.**

ગુરુ મહારાજનું પૂજન-વંદન કર્યુ. અહીં સુધી આવ્યો છો તો કંઈક લઈને જાજો અને કાંઈક મૂકીને જાજો.

ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં.

### પ.પૂજય મહામંડલેશ્વર સ્વામીશ્રી
### વિશ્વેશ્વરાનંદગિરિજી મહારાજ

આપ સૌ ગુરુભક્તો,

ગુરુ કેમ હોય ? આપણે શા માટે ગુરુ ભક્તિ કરવી તે જાણવું જોઈએ. વારાણસીમાં તો ઉદંડ માનસ હોય તેને ગુરુ કહે. ભાગવતમાં દત્તાત્રેય ભગવાને ચોવીસ ગુરુ કર્યા. પૃથ્વીથી લઈને કબુતર સુધી એ ગુરુથી સદ્‌ગુણ ગ્રહણ કરાય વૈભવ આપે તે સદ્‌ગુરુ નથી તે તો તમને બંધનમાં નાખે છે.

**'કુલં પવિત્રં જનની કૃતાર્થા...'** એવા સદ્‌ગુરુ હોય જેના જન્મથી કુળ પવિત્ર થઈ જાય જનની કૃતાર્થ થઈ જાય. એવા સદ્‌ગુરુ જયારે મળે ત્યારે એવી દ્રષ્ટિ થાય કે **'ઈશાવાસ્યમિદંસર્વં યત્કિંચ જગત્યામ્ જગત'** માધવાનંદજી મહારાજ આ જગત-ના કલ્યાણ માટે આવ્યા છે તેઓએ ગામે ગામે ફરીને નવો ઉપક્રમ કર્યો અને ઉપદેશ આપ્યો અને સ્વસ્થ પરંપરા સ્થાપી.

**નારાયણં પદ્મભવં વશિષ્ઠં**

એ પરંપરામાં થયેલા અનેક મહા પુરુષો એમાં એક માધવાનંદજી મહારાજ આવ્યા પણ અમને જયારે આવા અખંડાનંદજી મહારાજ વેદાંતનો પ્રસાર કરવા માટે આવ્યા છે અને અહીં જગદીશાનંદ સાગરજી મહારાજ બેઠા છે એ તે જ કાર્યને આગળ વધારે છે.

ગુરુને કંઈ અર્પણ કરવું હોય તો તમારા દુર્ગુણો અર્પણ કરો અને સદ્‌ગુણો લઈને જાઓ શિષ્ય કેવો હોવો જોઈએ તે વિશે એક દ્રષ્ટાંત આપું.

એકવાર શિવાજી મહારાજ ફરતા હતા તો તેને રસ્તામાં ગુરુ મળ્યા તો કહ્યું કે હે ગુરુ ! હું તમને શું આપુ ? તો સમર્થ રામદાસ કહે કે તું મને રાજ આપી દે તો શિવાજી કહે કે આપું છું પછી કહે કે હવે કઈ રીતે કરું ? તો ગુરુ કહે કે તું રાજ કર પણ તું તારું નહીં પણ મારું (એટલે કે ગુરુનું) માનીને કર.

તો આપણે સૌ શ્રદ્ધાંજલી આપવા એકત્રીત થયા છીએ અને મહાત્માઓએ પોતાના અનુભવો કહ્યા. સરસ દેહ મળ્યો સરસ ગુરુ મળ્યા તો પરમાત્માને પ્રાપ્ત કરવા માટે તમને બહુ તકલીફ નહીં થાય. આજે જગદીશાનંદજી મહારાજે કુંભમેળો ઉભો કર્યો છે. આપ સૌના સદ્‌ભાગ્ય છે. આ સાથે આજે આપણે શ્રદ્ધાંજલિ સમર્પિત કરીએ.

**પ.પૂ.મહામંડલેશ્વર માધવપીઠાધિશ્વર સ્વામીજી મહારાજશ્રી વેદાન્તાચાર્ય**

પ્રિય સજ્જનો,

પરમ કૃપાળુ પરમાત્માની મહતી અનુકંપાથી આપણે સૌ શ્રદ્ધાંજલી સમર્પિત કરવા એકત્રીત થયા છીએ ગુરુ ભક્તિને માટે કહ્યું-

**ગુરુ કૃપા હી કેવલં શિષ્ય પરમ મંગલમ્**

ગુરુની કૃપા જલદી પ્રાપ્ત થતી નથી ગુરુ કહે તેમ કરવા લાગી જાઓ તો ગુરુ કૃપા પ્રાપ્ત થાય.

**દુર્લભ વિષયઃ ત્યાગો, દુર્લભં તત્ત્વદર્શનઃ**
**દુર્લભા સહજાવસ્થા, સદ્‌ગુરું કરુણાંવિના.**

ગુરુની કૃપા વગર વિષયનો ત્યાગ થતો નથી ગુરુની કરૂણા વિના તત્ત્વદર્શન થઈ શકતું નથી. સહજ અવસ્થા તો તેનાથી પણ દુર્લભ છે પણ જો સદ્‌ગુરૂની કૃપા થઈ જાય તો આ બધુ પ્રાપ્ત થઈ શકે છે.

તો જીવનની અંદર ગુરુ કૃપા પ્રાપ્ત કરવા માટે તન-મન-ધન અર્પણ કરીએ જેટલી બને તેટલી સેવા કરીએ. જે ગુરૂ ભક્ત બને તે અવશ્ય ગુરુ કૃપાના ભાગી બને.

આ બધા સંતોએ આપણને દર્શન દીધા અમૃતવાણીનો લાભ આપ્યો તો ગુરુ મહારાજે જે જ્ઞાન આપ્યું તેને જીવનમાં ઉતારીયે.

ભગવાન સૌને સુખ સંપત્તિવાન બનાવે, આત્મજ્ઞાનના ભાગીદાર બનાવે, જન્મ-મરણના ફેરામાંથી મુક્ત બનાવે તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના...

**સર્વત્ર સુખીનઃ...**
**ૐ પૂર્ણ મદઃ પૂર્ણિમિદં...**

**॥ શ્રધ્ધાંજલિ ॥**

**ધર્મજ ગામના (હાલ લંડન) સ્વ. યતીનકુમાર જીતુભાઈ પટેલ (ઉમર વર્ષ ૩૨) સવંત ૨૦૭૦ ભાદરવા વદ ૪ ને શુક્રવાર તા. ૧૨/૯/૨૦૧૪ ના રોજ માધવ ચરણ પામેલ છે. સ્વર્ગસ્થના જીવાત્માને પરમાત્મા પરમ શાંતિ આપે. સમસ્ત માધવ પરિવાર વતિ વેદરહસ્ય કમિટિ શ્રદ્ધાંજલિ અર્પે છે.**


**॥ શ્રધ્ધાંજલિ ॥**

**પીપળીયા ગામના સ્વ. નરશીભાઈ મોનજીભાઈ ગાબાણી (ઉમર વર્ષ ૭૬) સવંત ૨૦૭૧ માગશર સુદ ૧૫ ને શનિવાર તા. ૬/૧૨/૨૦૧૪ ના રોજ માધવ ચરણ પામેલ છે. સ્વર્ગસ્થના જીવાત્માને પરમાત્મા પરમ શાંતિ આપે. સમસ્ત માધવ પરિવાર વતિ વેદરહસ્ય કમિટિ શ્રદ્ધાંજલિ અર્પે છે.**

## કઠોપનિષદ્

સંકલન કર્ત્રી :- કૃષ્ણા ઘનશ્યામભાઈ સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ...**

**अशब्दमस्पर्शमरूपमव्ययं-**
**तथारसं नित्यमगन्धवच्च यत् ।**
**अनाद्यनन्तं महतः परं ध्रुवं**
**निचाय्य तन्मृत्युमुखात्प्रमुच्यते ॥**

(કઠ. શ્રુતિ-૧,૩,૧૫)

કે એ આત્મ તત્ત્વ કે પરમાત્મ તત્ત્વ **अशब्द** એટલે શબ્દ રહિત, **अस्पर्श**-સ્પર્શ રહિત, રૂપ રહિત, ગંધ રહિત, રસ રહિત તમામ વિકારોથી રહિત અનંત, અનાદિ, અવ્યય, અખંડ પરમાત્મ સ્વરૂપ છે. એને જાણવા માટે તો અંતરની ચક્ષુ જોઈએ. ગુરુ તરફના વચનોમાં વિશ્વાસ જોઈએ.

**''જેને હોય ગુરુ વચને વિશ્વાસ,**
**અભય પદ ગુરુ આપશે.''**
**''સદ્‌ગુરુ વચનોના થાવ અધિકારી પાનબાઈ,**
**વચનનો રાખો વિશ્વાસ રે.''**

''अचिन्त्या खलु ये भावा न तांस्तर्केण योजयेत् ।
अचिन्त्यरचनारूपं मनसापि जगतः खलु ॥''

(પંચદશી)

જે ચિંતનમાં ન આવે, જેને તર્કમાં નો નખાય શ્રદ્ધાથી જ સમજવા. એમાં તર્ક-વિતર્ક કર્યા કરોને તો પાર જ ન આવે આમકેમ ? ને આ કેમ ? એમ કેમ ને તેમ કેમ ? કર કર કરો તો કોઈ દિ' તેનો ઉકેલ આવતો નથી. એટલા માટે એને તો વિશ્વાસથી માનવું જોઈએ.

**अचिन्त्या खलु ये भावा न तांस्तर्केण योजयेत् ।**

કે જે અચિંત્ય વસ્તુ હોય જેમાં મનવાણી પણ પૂરી પહોંચી શકતી ન હોય ત્યાં બુદ્ધિથી શ્રદ્ધાથી માનવું જોઈએ. હવે, ધ્યાનથી યાદ રાખો કે તમને કહે કે ગ્રહ નડે છે તો માનો પણ એમ કહે 'તું બ્રહ્મ છો' તો શું નથી કરતાં ? બોલો. તો ગ્રહ નડે છે એ તો માની લીધું પણ બ્રહ્મ છું એ વાત માનવા તૈયાર નથી. તો ગ્રહ છે એમ કોણે જાણ્યું ? પણ ત્યાં લોકો માનવા તૈયાર થઈ જાય છે. મને મંગળ નડે છે ને મને આ નડે છે મને... પણ વેદો કહે છે કે **'तत्त्वमसि'** કે 'તું સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મ છો' પણ ત્યાં જીવો માનતા નથી એ નથી માનતા એટલે જ દુઃખી થાય છે શું થાય ? બોલો દુઃખી થાય. એટલે વેદોમાં વિશ્વાસ કરવો જોઈએ પણ લોકો સારો ભાગ નથી પકડતાં મોળા ભાગને જલ્દી પકડે છે. એટલે સારું ગ્રહણ કરવાવાળાને સારું મળે ને ખોટું પકડવાવાળાને ખોટું મળે.

એક માણસ સોનાની ખાણમાં સોનાને રોજ ઓળખતો હતો ને એક માસણ સર્પનું જયાં રહેવાનું સ્થાન રાફડો હોય તેને રોજ ખોદ્યા કરે તો શું નીકળે, બોલો ? સર્પ નીકળે ને સર્પ પકડતા જાણી ગયો એટલે થોડા દિવસ લાભ થયો. સર્પ પકડીને લઈ જાય ને જયાં ત્યાં પૈસા મળે. એક દિ' સર્પ કરડયોને ત્યાં ભગવાનના ધામમાં પહોંચી ગયો. કેમ કે સર્પની પાસે તો ઝેર જ હોય કોઈ દિ' અમૃત મળતું નથી.

**પન્નગને પયપાન કરાવે ને અમૃત રૂપી આહાર,**
**ગુણ ગયો અમૃત તણો રે,**
**એમાં વાધ્યા છે કોટી વિકાર..સંગત તેને શું કરે,**
**દાદુર વસતો વારી મધ્યે, પેડ કમળની પાસ,**
**કલ્લોલ કરે જઈ કીચમાં રે,**
**એને ન આવે કમળની વાસ..સંગત તેને શું કરે,**
**ભાઈ શઠ ન સમજે શાન, સંગત તેને શું કરે ?**

(અખાભક્ત)

પિતાની ઓળખાણ માટે માતાના વચન પ્રમાણ. પિતાને ઓળખવા માટે શું કરવું જોઈએ ? બોલો. માતા કહેને એ માનવું જોઈએ. શું કરવું જોઈએ ? બોલો. કર્ણને કુંતિએ કહ્યું કે આ તારા ભાઈઓ છે પણ કર્ણએ શું ન કર્યુ, બોલો ? ન માન્યું. તો રખડતો રહ્યો. એમ જે આપણે ભગવાનના છીએ એમ સંતો કહે છે પણ આપણે શું નથી કરતાં, બોલો ? માનતા નથી. કે મહારાજ ! અમે તો સંસારી કહેવાઈ, શું કરીએ ? ભગવાનના છીએ એમ કેમ કહેતા નથી ? અમે તો ઘરબારી છીએ સંસારી છીએ પણ અમે ભગવાનના છીએ એમ જીવો કહેતા નથી કેમ કે ભગવાનમાંથી બન્યા એમ મહાત્મા વારંવાર કહે કે -

**यतो वा इमानि भूतानि जायन्ते । येन जातानि जीवन्ति । यत्प्रत्यभिसंविशन्ति । तद्विजिज्ञासस्व तदब्रह्म ॥ अमृतस्य वै पुत्राः ।**

કે આપણે અજર અમર ભગવાનના બાળકો છીએ. પણ છતાં અમે સંસારીને અમે ઘરબારીને અમે તો મહારાષ્ટ્રના અમે ગુજરાતના અમે તો અહીંના કેમ કે ભગવાનના છીએ એમ જીવો માનવા તૈયાર થતા નથી. તમે સુરતમાં જાવને તો હીરાવાળા ખીરાવાળા ને ડાલ્ડાવાળા ને ભજીયાવાળા ને દારૂવાળા, ચોખાવાળા પણ કોઈ ભગવાનવાળા થતાં નથી. કેમ કે દુનિયાવાળા થાય છે પણ ભગવાનની હારે સંબંધ બાંધતા નથી એટલે રોજ નક્કી કરો કે હું પરમાત્માનો છું ને પરમાત્મા મારા છે.

**પ્રભુ પોતામાં પોતે પરિબ્રહ્મમાં,**
**પ્રભુ વિના દીસે નહીં કાંઈ, બ્રહ્મરસ પીજીએ,**
**જેમ સરિતા સાગરમાં જઈ ભળે,**
**તેનું નામ નદી ટળી જાય, બ્રહ્મરસ પીજીએ.**
(સ્વામી પ્રિતમદાસજી)

તો એટલી કક્ષાએ ધીરે ધીરે જવાશે પણ કમ સે કમ એટલું નક્કી કરો કે આપણે પરમાત્માના છીએ તો પરમાત્મા અમર છે તો આપણો આત્મા પણ અમર છે.

**ઈશ્વર અંશ જીવ અવિનાશી,**
**ચેતન અમલ સહજ સુખ રાશી.**

તો હવે નાના છોકરા સમજે કે શરીર જયારે પડયું હતું હાલતું'તુ ત્યારે કો'ક અંદર હતુ અને મરી ગયું ત્યારે કો'ક અંદરથી નીકળી ગયું. તો નવું તત્ત્વ કોઈ અંદર હતુ જેના વડે શરીર ચાલતું'તું તો હતું કે નહીં ? બોલો ? એટલે ગીતામાં ભગવાને કહ્યું -

**ઉત્ક્રામન્તં સ્થિતં વાપિ,ભુઞ્જાનં વા ગુણાન્વિતમ્,**
**વિમૂઢા નાનુપશ્યન્તિ, પશ્યન્તિ જ્ઞાનચક્ષુષ.**
(ગીતા-અ-૧૫-૧૦)

કે શરીર ઉત્ક્રમણ કરે એટલે ઊભું થાય, બેસે, હાલે, વળે, સુવે તો આને કોઈ ચલાવવાવાળો ચેતન કોઈ અંદર છે છે ને છે. એમ જ્ઞાન ચક્ષુવાળા તો સમજી શકે છે પણ મુઢ જીવો સમજતા નથી. મૂઢો એમ સમજે કે શરીર જ હું છું શું માને છે ? બોલો એટલે કહે ખાવ, પીવો ને મજા કરો બસ બીજું કંઈ ભજન-ભજન-પૂજન કંઈ છે નહીં એટલે એવા મૂઢ પ્રાણીઓ વારંવાર શરીરને પોષણ કરીને-

**ખાના પીના સો જાના,**
**સબ કર્મ હૈ પશુ સમાના.**

તો પહેલો સિધ્ધાંત નક્કી કરો કે, શરીરથી જુદો આત્મા છે છે ને છે. તો ભલે બીજા માને કે ન માને પણ આપણે દ્રઢ કરવું આપણી સંસ્કૃતિ આપણને શીખવાડે છે આત્મા હંમેશા અમર છે એ જન્મતો નથી ને મરતો પણ નથી. ને શરીર તો આવે છે ને જવાવાળું છે તો શરીરથી જે જુદો આત્મતત્ત્વ અવશ્ય છે. છતાં નચિકેતા અહીં પૂછે છે કે શરીરથી જુદો છે કે નહીં એ મને ત્રીજા વરદાનમાં આપો.

**देवैरत्रापि विचिकित्सितं पुरा**
**न हि सुविज्ञेयमणुरेष धर्मः ।**
**अन्यं वरं नचिकेतो वृणीष्व**
**मा मोपरोत्सीरति मा सृजैनम् ॥ २१ ॥**
॥ १-१-२१ ॥

ગુરુ શિષ્યની પરીક્ષા કરે કે શિષ્યને અધ્યાત્મમાં પ્રેમ છે કે ભોગમાં પ્રેમ છે. શું છે ? બોલો. જયારે તમે ગુરુની પાસે જાવને ત્યારે ગુરુ કે' કે તમારે શું ખેતીવાડી વેપારમાં ઈચ્છા છે પુત્ર-પત્નીની જરૂર છે કે મોક્ષની ઈચ્છા છે ? તમે શેને માટે અહીં આવ્યા છો ? સકામી થઈને આવ્યા છો કે નિષ્કામી થઈને આવ્યા છો ? ભોગને માટે આવ્યા છો કે ભગવાનને માટે આવ્યા છો ? તો કે' એણે આત્માનું માંગ્યું. માંગ્યું ખરું, પણ એને રસ છે કે માંગ્યું આત્માનું ને ઈચ્છા કંઈ હોય, માંગે કંઈ ને ઈચ્છા હોય કાંઈ, એમ ઘણી વાર અહીં જો જો બે-અઢી વાગે કંઈ ભોજન દે તો સારું એમ સમજે ભોજન ન હોય ને તો રૂપિયો આપી દેશું એટલે ઘણાં લોકો માંગે ભોજન પણ ઈચ્છા શું હોય ? ઘણા લોકો કપડું માંગે કપડું હાજર ન હોય એટલે તમે શું કહો ? કે લે પાંચ રૂપિયા લઈ જા. એટલે શું ? પૈસો સીધો નો મગાય. પૈસો ન મગાય ત્યારે બીજું કંઈ... તો એ શું છે ?

**ક્રમશ...**

# માનવજન્મ સત્સંગ

પટેલ દેવીકાબેન જે.
ઓઝરાળા

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

પરમાદરણીય પરમ કૃપાળું દયાના સાગર પરમહંસ પારિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ અનંત શ્રી વિભૂષિત મહામંડલેશ્વર સ્વામીજી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજના ઓઝરાળા આશ્રમમાં કથા સત્સંગ આધારિત પરબ્રહ્મ પરમાત્માની આસિમ કૃપાથી આપણને માનવ જન્મ મળ્યો છે. શાસ્ત્રકારો કહે છે કે માનવ જન્મ દુર્લભ છે. ગમે તેટલી ઈચ્છા કરવા છતાં પણ માનવ જન્મ મળી શકતો નથી. કોઈ લાગવગથી મળતો નથી. લાખો રૂપિયા આપીને પણ દુકાનેથી વેચાતો મળતો નથી. તો નક્કી કરો કે માનવ જન્મ મળ્યો છે તો સમય જાય છે કયાં ? ચોવીસ કલાકમાં મારો સમય કયાં જાય છે ? ભગવાન શંકરાચાર્યજીએ કહ્યું છે કે માનવના આયુષ્ય એક એક કિંમતી ક્ષણ કરોડો રૂપિયા આપવાથી એ ગયેલી ક્ષણો પાછી આવતી નથી. તો આપણો અત્યાર સુધીનો સમય ગયો કયાં ? પંદરવીસ મિનિટ ભજન કરો એમાં તમારું મન કેટલી મિનિટ ભગવાનમાં રહે છે ? શાસ્ત્રકારો કહે છે કે જેની એક ક્ષણ ભગવાનમાં લાગી જાય જેનું ચિત્ત-મન પરમાત્મામાં એક ક્ષણ સ્થિર થાય તેનું કુળ પવિત્ર થઈ જાય. જનની (માતા) છે તે કૃતકૃત થઈ જાય અને પૃથ્વી (વસુંધરા) પવિત્ર બની જાય છે. તો કયારે ? કે જેનું ચિત્ત પરમાત્મામાં એક ક્ષણ પણ સ્થિર થઈ જાય તો. સમગ્ર પૃથ્વીના જે પવિત્ર તીર્થ છે તેમાં સ્નાન કરવાનું ફળ મળી જાય. પૃથ્વીનું દાન દેવું તે ઉત્તમદાન છે એને સંપૂર્ણ પૃથ્વીનું દાન થઈ જાય છે. મરતી વખતે શું સાથે આવશે ? સાથે કંઈ પણ આવવાનું નથી. સવારથી સાંજ સુધી મહેનત કરવાની તો શેના માટે ? શરીર માટે કે આત્મા માટે કે પરોપકાર માટે તો શેના માટે ? જાગ્યા ત્યાંથી જીવ શરીર માટે મહેનત કરે છે. એ પોતાના માટે કરીએ છીએ કે પારકા માટે બધો સમય જવાનો જવાનો ને જવાનો જ છે. એવું શાસ્ત્ર કારો કહે છે. તુલસીદાસે રામાયણમાં કહ્યું કે,

**છે પરનું પણ પરિચયથી તું માની બેઠો મારું**
**કયાંનો તું કયાંનું એ પિંજર જો સમજે તો સારું,**
**પોપટ તન પિંજન નહીં તારું,**
**અંતે ઉડી જવું પરબારું......**
**પોપટ તન પિંજન નહીં તારું...**

હે પોપટ આ શરીર રૂપી આ પિંજર તારું નથી. શરીરરૂપી પિંજરામાંથી આત્મારૂપી પોપટ ઉડી જશે. એમ આત્મા જતો રહેશે, શરીર પારકું છે. આત્મા પોતાનો છે. આ શરીરને દાતણ કરાવવાનું, સ્નાન કરાવવાનું, ચા-નાસ્તો કરવાનો, શરીરને સુવડાવવાનું. આ બધું તો શરીર માટે જ કરવાનું. પણ આત્મા માટે શું ? ભલે શરીર માટે કરો પણ સાથે આત્મા માટે પણ કરો.

**જગનું બધું જગમાં રહી જાશે,**
**આખર થાશે ફજેતાઈ...ભજમન...**
**મેલીને માન બડાઈ ભજમન પ્રભુ પરમ સુખદાઈ..**

જે મરણ વખતે હારે આવે તેના માટે કરતું રહેવું. આ લોક માટે અને સાથે સાથે પરલોકને માટે પણ કરતા રહેવું. એમ શરીર માટે કરો અને આત્માનું પણ કલ્યાણ કરો. આત્માને માટે કંઈ કર્યુ નહીં તો શું થાય ?

**અગં ગલિતં પલિતં મુણ્ડં,**
**દશન વિહીનં જાતં તુણ્ડમ્ ।**
**વૃદ્ધોયાતિ ગૃહિત્વા દણ્ડં,**
**તદપિ ન મુંચત્યાશાપિંડમ્...ભજ ગોવિંદ...**

કાયા થાશે જાજરી બેઠા રહેવાશે નહીં આમ ઘડપણમાં ભગવાન ભજાશે નહીં. જો આખી જિંદગી ભગવાન માટે કંઈ કર્યુ હશે તે અંતકાળે એટલે મરણ સમયે ભગવાન યાદ આવે.

**કૃષ્ણ ત્વદીપ પદ પંકજ પંજરાન્તે –**
**અદ્યૈવ મે વિશતુ માનસ રાજહંસ**
**પ્રાણ પ્રયાણ સમયે કફવાત –**
**પિત્તૈઃ કષ્ઠાવરોધન વિધૌ સ્મરણં કુતસ્તે ॥**

ભક્ત કહે છે કે ભગવાનને સ્તુતિ કરતાં કહ્યું કે મનરૂપી ભમરો તું અત્યારથી જ ભગવાનના ચરણરૂપી કમળમાં સ્થિર થઈ જા. મરણ વખતે પ્રાણ છૂટવાની તૈયારી હોય તો ત્યારે ભગવાનનું નામ લેવું છે પણ કફ વાત પિત્તથી લઈ શકાતુ નથી. કફવાત પિત્તથી બોલાતું નથી. માટે જ અત્યારથી જ મનરૂપી ભમરો ભગવાનના ચરણ કમળમાં સ્થિર થઈ જા ! જીવનમાં સારું કર્યું હોય તો મરણ વખતે યાદ આવે અને જીવનમાં કંઈ જ કર્યુ ન હોય તો મરણ વખતે પસ્તાવો થાય.

**રાત્રે નિંદ્રા દિવસે કામ કયારે ભજશો શ્રી ભગવાન.**

રાત્રે ઉંઘવામાં જાય દિવસ કમાવામાં જાય. એટલે

આપણા માટે શરીરનો ઉપયોગ કરો. શરીરનો ઉપયોગ શેમાં કરવો ? તો આત્માના કલ્યાણમાં કે વિષયોમાં કરવો ? શાસ્ત્રનું ચિંતન કરવા માટે સમય નિકાળો. એમાં સમયનો ઉપયોગ કરો. મુર્ખા હોય તે વ્યસનમાં, જુગારમાં અને ઝઘડામાં સમય વાપરે જયારે બુદ્ધિશાળી ભગવાનનું ચિંતન કરવામાં સમય વાપરે છે. એના માટે શાસ્ત્રકારો કહે છે સમયનો સદ્‌ઉપયોગ કરવો. સત્સંગમાં બેઠા હોઈએ ત્યારે એમ થાય કે કયારે સત્સંગ પૂરો થાય. અને વાતો ગપાટામાં સમય જાય તેની ખબર પડતી નથી કે કેટલો સમય ગયો ? માનવ જન્મ ધન્ય છે જેને માટે દેવો ગાન કરે છે. જયાં રામ-કૃષ્ણનો પાદુર્ભાવ થાય છે. ભગવાન શંકરાચાર્યજી એ પાંચવર્ષ પછી ઘર છોડી દીધું. આઠ વર્ષમાં ભણી લીધું સોળ વર્ષમાં વેદો ભણી લીધા. ભારતની સંસ્કૃતિ આધ્યાત્મિક સંસ્કૃતિ છે. ભારતભૂમિ પવિત્ર છે. જેટલા માનવ પૃથ્વીમાં છે એને માટે ભારતની સંસ્કૃતિ અનુકરણીય છે. જેને બુદ્ધિ વિવેક નથી. વિચાર નથી કે આપણે કંઈ તરફ જઈ રહ્યા છીએ. શાસ્ત્રકારો કહે છે માનવ જન્મ મહિમાની સાર્થકતા શું છે ? શરીર ક્ષણમાં નષ્ટ થવાવાળું છે. ક્યારે શરીર છૂટે તે કંઈ ખબર નથી. આવ્યા છીએ ભજન કરવા માટે ચોરાશી લાખ જન્મથી છૂટવા માટે અને શું કરી રહ્યા છીએ ? માટે જલ્દી જલ્દી જે કરવાનું છે તે કરી લેવું જોઈએ. આ શરીરનો કંઈ ભરોસો નથી. માનવ જન્મ દુર્લભ છે તેથી તેને ગુમાવવો નહીં. શરીર ક્ષણમાં નાશ થવાવાળું છે. માટે જલ્દી જલ્દી પરમાત્માને ભજી લેવા. જીવને વૈજ્ઞાનિક પર વિશ્વાસ છે. પણ પરમાત્મામાં વિશ્વાસ નથી. ઋષિઓએ લોહીનું પાણી કરીને વેદો લખ્યા છે. વેદો એ પરમાત્માનો શ્વાસ છે. જે પરમાત્માએ પૃથ્વી બનાવી તેનું મટીરીયલ કયાંથી લાવ્યા હશે. ભગવાને પાણી બનાવ્યું અગ્નિ બનાવી તે શેમાંથી બનાવ્યું હશે. ભગવાને વાયું આકાશ બનાવ્યાને શેમાંથી બનાવ્યા હશે.

**એને આધારે સૌ રહ્યું, પિંડ અને બ્રહ્માંડ**
**સચરાસર શોભી રહ્યો અવિનાશી અખંડ..**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી...**
**વિશ્વ વિચિત્ર છે જેવડે, કરે રંગ કલોક,**
**સ્તંભવિના સ્થંભાવિયુ, બ્રહ્માંડનું ગોળ....**
**સાંભળ શુદ્ધ ચિત્તે કરી....**

ભગવાને પાંચ ભૂત બનાવ્યા એનું કંઈ સંશોધન નથી અને ભગવાને પોતાના સ્વરૂપ જ બનાવ્યા.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ...

## દોષથી બચો

**ભાવનાબેન એમ. ગાબાણી**
**પીપળીયા (સ્વામીના)**

જે લોકો હંમેશા બીજાઓની નિંદા અને પરિછિદ્રોની શોધમાં લાગેલા રહે છે. તેમનાથી બચવું જોઈએ. કારણ કે તેમની પાસે રહેવાથી આપણો સ્વભાવ પણ તેમના જેવો જ થઈ જાય છે.

કહેવત છે કે મનુષ્યને બીજાની આંખનો તલ તો દેખાય છે. પરંતુ પોતાની આંખનો તાડ દેખાતો નથી. બીજા દોષોને વધારી ચઢાવીને કહેવામાં તેને ખૂબ જ આનંદ આવે છે. પરનિંદામાં જે મજા આવે છે તે બીજી કોઈ વસ્તુમાં આવતી નથી. પરાકાષ્ઠાની વાત તો એ છે કે કેટલાક લોકો મોઢા સામે તો સ્તુતિ કરે છે. ચાપલૂસી અને નિંદા કરવી બંને તેના હલકા સ્તરને પ્રદર્શિત કરે છે. નિંદા કરતાં કરતાં મનુષ્યની દ્રષ્ટી એવી બની જાય છે કે તેને સર્વત્ર ખરાબ જ દેખાય છે. લોકોના સારા ગુણો તરફ પણ તેનું ધ્યાન જતું નથી.

અહંકાર અને દંભને વશીભુત થઈને લોકો બીજાઓની નિંદા કરે છે. તેમનામાં એ અભિમાન જાગૃત થઈ જાય છે. કે હું જ મોટો બુધ્ધીશાળી છું પરાક્રમી છું કર્તવ્ય નિષ્ઠ છું અને બાકીના બધા બેકાર. અજ્ઞાની અને કામચોર છે. આ ભાવનાથી તે બીજાઓને પોતાના કરતા તુચ્છ સમજવા લાગે છે, તથા તેની સારી વાતોમાં પણ દોષ શોધતા રહેવાનો પ્રયાસ કરે છે. એનાથી બીજાનું કશુંય બગડે કે ના બગડે પરંતુ તેની પોતાની પ્રગતિ કુંઠિત થઈ જાય છે. અનેક વ્યક્તિ સ્વયં યોગ્ય પુરુષાર્થ તો કરતા નથી અને અસફળતાથી નિરાશ થઈને અકારણ જ બીજાઓમાં દોષ શોધે છે. તે પોતાની દુર્બળતાને સંતાડવા માટે લોકોની નિંદા કરીને તેમને નિચા દેખાડવાનો પ્રયાસ કરે છે દેષ તથા ઈર્ષ્યા પણ પરનિંદામાં વધારો કરે છે. મોટા ભાગના માણસો બીજાના ગુણોની પરખ કરી જાણતા જ નથી અને મિથ્યા દોષારોપણ કરતા રહે છે. સ્વયં કોઈ પણ કાર્યમાં કુશળતાનું પ્રદર્શન કરતા નથી અને "નાચવું

ન હોય તો આંગણું વાંકુ" ના આધાર પર બીજાઓના દોષ કાઢે છે. જેમની સામે સ્વયં પોતાનું કોઈ સ્પષ્ટ ધ્યેય નથી હોતું સમયના સદ્ઉપયોગની કોઈ યોજના નથી રહેતી. તેઓ જ પરનિંદામાં મગ્ન રહીને સમયને નષ્ઠ કરે છે. પરનિંદાની માદકતા તેને કશુંય વિચારવા અને સમજવાનો અવસર આપતો જ નથી. બીજાઓને હલકા પાડી પોતાની પ્રતિષ્ઠા વધારવાનું આજકાલ સર્વત્ર દેખાય છે.

દિન પ્રતિદિન તો સ્થિતિ હજીય ભયાનક થતી જાય છે. શ્રેષ્ઠ મહાપુરુષોના જીવન ચરિત્ર ન તો કોઈ વાંચે છે અને ન તેમનાથી કશુંક શીખવાનો પ્રયત્ન કરે છે. ભગવાન શ્રીરામ, ભગવાન શ્રીકૃષ્ણ, પ.પૂ. સ્વામીશ્રી માધવાનંદજી મહારાજ, છત્રપતિ શિવાજી, મહાત્મા ગાંધી, પ.પૂ. સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ અનેક મહાપુરુષોના જીવન ચરિત્ર વાંચોને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરો તેમના જીવનના ત્યાગ-સેવા-શોર્ય. દ્રઢતા વગેરે સદ્ગુણો જીવનમાં ઉતારો પણ કોઈ સારી ચર્ચા કરવાનું પણ પસંદ નથી કરતા સર્વત્ર કામુક્તા, અશ્લીલતા, પરનિંદા તથા છિદ્રશોધનની ભરપુર સામગ્રી જ પ્રાપ્ત કરે છે પછી ભલેને સાહિત્ય હોય યા રેડિયો, ટી.વી. વગેરે.

બીજાઓની નિંદા કદીય ન કરવી તેમાંથી સ્વયં આપણુ અંતઃકરણ મલિન થાય છે - પ્રત્યેક મનુષ્યમાં કોઈને કોઈ ગુણ જરૂર હોય છે. મધમાખીની જેમ આપણે પણ બીજાઓના ગુણા જોવાની આદત પાડવી જોઈએ. એવું કરવાથી રદ્દય શુદ્ધ અને પવિત્ર થઈ જાય છે હંમેશા બીજાઓના ગુણ જુઓ અને દોષ પોતાના જુઓ ત્યારે જ ખબર પડશે કે "મુજ સે બુરા ન કોઈ" નિંદાથી બચીએ તો આપણું શુધ્ધીકરણ શક્ય છે.

## સદ્ગુરૂ

લક્ષ્મણભાઈ જે. સોનાણી
(ચકમપરવાળા)

ૐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

સદ્ગુરૂ તે આપણી સાથે હળી મળી જશે આપણને લાગશે કે તે પણ રોટલી ખાય છે પરંતુ તે આપણા પાપનો નાશ કરે છે તે વસ્ત્રો નથી પહેરતા આપણી વાસનાના વસ્ત્રો તે લઈ લે છે. સદ્ગુરૂ આપણી જેમ જ ખાય છે અને સૂવે છે પણ એવી ભુલ ન કરતા જે સદ્ગુરૂને કારણે ખાસ બનાવ બને ત્યારે એમ લાગે કે તે આપણા જેવા છે પણ તે આપણા જેવા નથી હોતા સદ્ગુરૂ સંસારમાં આવે ત્યારે આપણી સાથે લડશે નહી તે આપણી બધી વાત સ્વીકારીને આપણામાં પરિવર્તન લાવશે. આપણી પાસે એક બે ફેકટરીઓ થઈ જાય આપણો ધંધો વધે એ માટે આપણે સદ્ગુરૂ પાસે ન જવાય એ સ્થાન આવી ભીખ માગવા માટેનું નથી ત્યા તો કલ્યાણની વહેંચણી થાય છે ત્યાં પ્રભુ પ્રેમની વહેંચણી થાય છે. તો પછી ખોટનો સોદો શું કામ કરવો. શિક્ષા આપે એ શિક્ષક દિક્ષા આપે એ ગુરૂ અને આપણને જે જોઈતું હોય એની ભિક્ષા આપે એ સદ્ગુરૂ ગુરૂપદમાં અનેક અનન્યતા ગુરૂપદ દોહ્યલું હોય છે કોઈ સમર્થ ગુરૂની અનન્યતા ન ગુમાવશો આપણે શું પ્રયાસ કરીએ છીએ કે આનંદ આવે છે કયારેક ભાગ્ય કે કયારેક સદ્ગુરૂની કૃપા કામ કરે છે આપણે શું સાધના કરીએ સદ્ગુરૂની કૃપા કામ કરે છે મને મારા ગુરૂના વચનો ફળ્યા એનો આનંદ છે સદ્ગુરૂ ચરણોના થાઓ અધિકારી કોઈકના થાજો કોઈ સદ્ગુરૂ મળી જાય તો બાપ અજવાળુ થઈ જાય કોણ આપણને તારે છે આપણે કોને લીધે મહાન છીએ સદ્ગુરૂને આશ્રિત પર અને આશ્રિતને સદ્ગુરૂ પર વિશ્વાસ હોવો જોઈએ. સદ્ગુરૂ કોણ જે એક નજર આપે તો આપણી દ્રષ્ટિમાં કેટલાય સંસારના કષ્ટને ખતમ કરી નાંખે એક મંત્ર આપી દે આ સંસાર સાગરને આપણી પાસેથી છીનવી લે કાં તો હાથ જ ઊંચો ન થવા દે અને કદાચ કોઈ બળુકો ઊભો થાય તો તેના હાથમાંથી હથિયાર છીનવી લે છે. તેમની મારવાની આદત અજબ છે. સદ્ગુરુ પહેલા તો મૃત્યુનો ભય જ છીનવી લે છે ગુરૂ પાસેથી આપણને અભય મળે તો સમજજો કે આપણે અપ વર્ગના જીવો છીએ ગુરૂનો એક શબ્દ માણસને તારી દે છે શિષ્ય ગુરૂની કરુણામાં વહે છે ગુરૂ પાસે ચાર વસ્તુ શીખવી પડે શબ્દનું સ્વરૂપ શબ્દનો મહિમા શબ્દનું રહસ્ય અને સમજ ઉપર શબ્દનો પ્રભાવ ગુરૂ કદી એવા નઠોર ન હોય કે આપણને ના પાડી દે ગુરૂ જો મંત્ર આપે તો જિજ્ઞાસા કરી તેનું સ્વરૂપ બતાવવા કહેવું મહિમા અને તેનો સર્વ ભૌમ પ્રભાવ બતાવવા કહેવું જેનું ખોવાઈ જાય એનું ભરી દે એનું નામ ગુરૂ. આપણો હરિ ખોવાઈ ગયો છે આવી જો મારી

નિશાળમાં જરા પણ મોડું નથી થયું અહીં પ્રતિપળે ભગવાન મળે છે.

જીવનમાં જયારે સમસ્યા આવે અને કયાંયથી પણ જવાબ ન મળે ત્યારે એક માત્ર ગુરૂનું દ્વાર આપણા માટે હોય છે જયાં આપણે આપણી વેદના વ્યક્ત કરી શકીએ છીએ જીવનમાં જયારે ગ્લાની થાય ત્યારે ગુરૂ પર વિશ્વાસ રાખો તો બધું જ ગુરૂ પાર પાડી દે છે ઘણી વખત આપણને એમ લાગે કે આપણા ગુરૂ આપણા માટે આક્રમક બન્યા છે પણ એવું નથી હોતું તેઓ આપણને વર્તમાનમાં જીવતા શીખવાડે છે સદ્‌ગુરૂના સ્વભાવને સમજવું અઘરૂં છે ઈશારા સંત ફકીરોકાં અહી તો માણસ છે લકીરોના. આનું નામ સદ્‌ગુરૂ કહેવાય. વિષય ગમે તે આપે પણ કૃપા દ્રષ્ટિ આપણા ઉપર હોય તેમના તેવરને કોઈ સમજી શક્યું છે આપણા સદ્‌ગુરૂનું સ્મરણ આપણું તીર્થ બનવું જોઈએ. સ્મરણ તીર્થ સાચા સદ્‌ગુરૂ શિષ્યને હંમેશા મુક્ત જ રાખે છે. બાંધતા નથી સદ્‌ગુરૂની ચરણરજથી આંખ સુધરે છે આંખ પવિત્ર થાય છે દ્રષ્ટિ પ્રાપ્ત થાય છે ચરણને આપણે ત્યાં વાક્ય પણ કહેવામાં આવે છે છેલ્લું ચરણ નામ ચરણ ગુરૂના વાક્યનું એક રજ જેટલું પણ અનુસરણ જો આપણામાં આવી જાય તેમના બોલાયેલા સુત્રોનો થોડોક અંશ પણ આપણામાં આવી જાય તો કલ્યાણ થઈ જાય છે ગુરૂ કેવા હોવા જોઈએ જેને પૂંછ હોય પણ મૂછ ન હોય પૂંછ એટલે પ્રતિષ્ઠા તપ દ્વારા મળેલી પ્રતિષ્ઠા હોય દુનિયા તેને બાળવાની કોશિષ કરે તો બાળનારા બળી જાય પણ પૂંછને કાંઈ ન થાય તેને અહંકારની મૂછ ન હોય તેનું નામ સદ્‌ગુરૂ લાગ્યા કલેજે છેદગુરૂના વેદ શું જાણે એ વાતું ? લાગ્ય કલેજે છેદ ગુરૂના ગુરૂમાં મનુષ્ય બુદ્ધિ કયારેય ન કરવી મંત્રમાં કયારેય શબ્દ બુદ્ધિ ન કરવી ગુરૂએ આપ્યો તે મંત્ર ચરણામૃતમાં જળ બુદ્ધિ ન કરવી સદ્‌ગુરૂ એટલે શબ્દ અને સુરતા એટલે શિષ્ય સદ્‌ગુરૂની વ્યાખ્યા શી. મુખદેખત પાતક હરે પરસત કરમ બિલાઈ સદ્‌ગુરૂ આપણી સામે પ્રેમથી કરૂણા ભરી દ્રષ્ટિથી જોઈ લે તો કરેલા બધા પાપ ખતમ થઈ જાય છે. એટલો તેમનો મહિમા છે ભીતર ધરબાયેલી પ્રસન્નતા ખૂલી જાય અને પ્રસન્ન ભાવે તેઓ સ્પર્શ કરી લે તો જનમ જનમના પ્રારબ્ધનો અંત આવી જાય છે તેમના વચનો સાંભળવાથી આપણુ મન મોહમુક્ત થઈ જાય છે. નષ્ટયે મોહ આ ગીતાનું પ્રમાણ છે પહેલાના ભાગ્યને કારણે જ એવા સદ્‌ગુરૂ મળે છે સદ્‌ગુરૂનો કોઈ યુનિફોર્મ નથી હોતો તેઓ કોઈપણ સ્વરૂપમાં હોઈ શકે છે સદ્‌ગુરૂ પાસે કાંઈ માંગતા નહી અરે મુક્તિ પણ ન માગતા અને સંપતિ તો કયારેય ન માંગતા કારણ કે સદ્‌ગુરૂ સ્વયં સહુથી મોટી સંપતિ આપણી છે. સદ્‌ગુરૂનું મૂલ્ય શું કહેવાય કે જેમને આખી દુનિયા આપી દઈએ તો પણ તેમનો સાથ ન મળે આમ આખી દુનિયા પણ જેમને રાજી ન કરી શકે તે માણસ કેટલો મુલ્યવાન હશે આવા સદ્‌ગુરૂ સ્વયં આપણી સંપદા છે. તેમની પાસે મોક્ષ પણ ન માગતા તેમને જે કરવું હોય તે કરવા દો રાજી હૈ ઉસમેં જીસમે તેરી રઝા હો. ગુરૂ પાસે માગવી હોય તો એક વાત માગવી કે કદાસ અમે તમને ભુલી જઈએ તો પણ અમને ન ભુલતા તમારી સ્મૃતિ અમારું જીવન છે અમે ભુલી જઈએ અમે સંસારી છીએ ભુલી પણ જઈએ.

કિસી રાહ મે કિસી મોડ પર કહી ચલ ન દેના તુ,<br>
છોડ કર મેરે હમ સફર મેરે હમ સફર।

સદ્‌ગુરૂ ન હોય તો આપણી દુનિયા પણ નથી,<br>
સદ્‌ગુરૂનો મહિમા બહુ જ અદ્‌ભુત છે.

સદ્‌ગુરૂનું હોવું એ આપણી મુક્તિ છે ગુરૂની કૃપાથી ગુરૂની ચરણ રજથી-ચરણરજ એટલે કૃપા-ગુરૂ પાસેથી જે કાંઈ મળે તે તેમની કૃપા છે ધૂળના સ્વરૂપે મળે કોઈપણ સ્વરૂપમાં મળે જે કાંઈ પણ મળે તે કૃપા જ છે ગુરૂ તમારો પાર ન પાયો. સદ્‌ગુરૂ જ્ઞાન વિરાગજોગ કે ગુરૂને મસ્તક પર રાખવા એટલે ગુરૂની પૂરેપુરી ચેતનાને પોતાનો પડછાયો બનાવવો પોતાની છત્રી બનાવવી કોઈ મારૂ રક્ષક છે કોઈ મારું છે જે મસ્તક પર એટલા માટે બેસે છે આપણા ખરાબ ગુણો તેઓ દૂર કરી દે છે નજીક જ છે ભાણ પ્રદેશ અને તેઓ એ જ અવળા લેખને સવળા બનાવી દે છે જો આપણને થોડી પણ શ્રદ્ધા બેસી જાય તો ગુરૂ એટલા પાસે આવી જાય છે કે મસ્તક પરથી ઉતરતા જ નથી તમે ઈચ્છો તો પણ આપણા વિચારો પર ચિંતન પર તેમનો પ્રભાવ રહે છે. આપણને ખોટા વિચારો કરવા જ નથી દેતા આપણા જીવનમાં ગુરૂનું સ્થાન સર્વોચ્ચ છે. આપણી દ્રષ્ટિ પર આપણા કાન પર આપણી જીભ પર હોઠો પર મુખ પર તેમનો પ્રભાવ હોય છે માટે સદ્‌ગુરૂ મહાન છે. તેવું જાણવું તે જ સાચું જ્ઞાન કહેવાય છે.

# જય સચ્ચિદાનંદ...

## ❁ અચૂક અનુભવાય છે.

મીનાક્ષી આઈ. પટેલ
અમદાવાદ

જેને તર્ક વડે સિધ્ધ કરી શકાય. **(LOGIC)** વૈજ્ઞાનિક સાધનો વડે પૃથ્થકરણ કરી શકાય. **(ANALYSIS)** પરંતુ ભારતીય તત્ત્વજ્ઞાન જે તત્ત્વવેતાઓ દ્વારા આત્માના એકત્ત્વ જ્ઞાનથી ઈશ્વરના સનાતન તત્ત્વનું (સત્-ચિત્ત-આનંદ) વિશાળ દર્શનની અનુભૂતી દ્વારા **(SELF REALISATION)** સ્થપાયેલા સિધ્ધાંતો અન્ય ધર્મથી ખૂબ અલગ છે. તે જ તત્ત્વ આત્મજ્ઞાન રૂપે પ્રગટ છે. જયાં તર્ક **(LOGIC)** કે પૃથ્થકરણ **(ANALYSIS)** નું કોઈ મહત્ત્વ રહેતું નથી.

જયારે મનુષ્યના હૃદયકમળે વિશાળ બ્રહ્માંડના દર્શન ભાગરૂપે અનેક સૃષ્ટિસર્જનના વલયો રચાયને વળી બ્રહ્મદર્શનથી અનુભવાતી હૃદયની વિશાળતા ને સર્વને સમાન માનીને ચાલવાની પધ્ધતિને દુ:ખ સુખમાં સમતા જાળવવાની મહાનતા યોગદર્શનના ભાગરૂપ જ હોય તેને શબ્દોમાં વર્ણવવાનું અશક્ય હોય ! અને એ સમય મુમુક્ષુજનનો સુવર્ણ સમય બને જયાં આત્માનું રૂપ-ગુણ-સ્વરૂપ બધું જ સ્પષ્ટ થઈ જાયને ગુરૂએ આપેલ આશીર્વાદને વચનો ઈતિહાસના પાને ચમકી જાય ! એ શ્રેષ્ઠ ગુરૂ-શિષ્ય પરંપરા કેવળ ભારતભૂમીને ઈશ્વરનું મળેલ વરદાન છે. અન્ય સંસ્કૃતિમાં આટલી વિશાળતા કે શ્રેષ્ઠતા જોવા મળતી નથી.

આવા ક્ષણીક પણ આત્મભાવના અનુભવે મનુષ્યની જીવન દ્રષ્ટિ બદલાય જાય છે. કારણ કે આ પંચભૂતના શરીરનું દાસત્વને તેમાંથી મુક્તી મેળવવાનું શસ્ત્ર ગુરૂબોધે તેને પ્રાપ્ત થવા લાગે છે અને જીવનના સાચા રહસ્યો તરફ એની પ્રગતિ થતી જણાતા જેને દુ:ખને અસંતોષ વડે સદાયે પોતાની જાતને કોશતો રહે-તો તેજ પોતાના જીવનના લક્ષ્યને ગુરૂના આશીર્વાદે આત્મસાદ કરવા લાગે છે.

ત્યારે આધ્યાત્મિક જીવનનું મૂલ્ય સમજાયને મનુષ્ય પોતાની જાત સાથે લડવા તૈયાર થશે હા કેવળ ધર્મ માટે અને ગુરુજીએ બતાવ્યા માર્ગે આગળ જવા માટે... જગતને અને ભગતને હંમેશાથી વેર રહ્યું છે એ સમજી વિચારીને સંયમ જાળવશે.

કયારેક આપણે સૌ વિચારીએ તો આધ્યાત્મિક લક્ષ્યો જ શા માટે આપણે ચૂંટયા ? ગુરૂપરંપરામાં ભળી ગુરૂના આદેશોને સિધ્ધાંતો દ્વારા આપણી ભક્તિને આગળ વધારી રહ્યા છીએ. ત્યારે એટલું ચોક્કસને સ્પષ્ટ છે કે પુણ્ય ઉદય થયુ તો જ આવી મુક્તિ-ભક્તિના માર્ગે આવી આપણે સૌ ભળ્યા. વળી વિશિષ્ટમાં તો ગુરૂનો આદેશ હોય છે. <u>“જેવો હું છું તેવો જ તું પણ બન.”</u> એટલે કે પોતે તરે અને બીજાને તારતા જાય ! કોઈ પણ લોભ-લાલચ નહિ, દંતી નહીં કે પોતે આત્મજ્ઞાની હોવાનું કોઈ અભિમાન !

પૂજ્ય સ્વામીજી માધવાનંદજી સદ્ગુરૂને સદેહે કયારેય જોયા નથી એવા આપણે સૌ સેવકો; પૂજય સદ્ગુરૂ-બ્રહ્મનિષ્ઠ પુણ્ય-પરમાત્મારૂપ પ.પૂ. સ્વામી શ્રી માધવાનંદજીને વારંવાર સમાધી દ્વારા અનુભવી રહ્યા છીએ. એમના દ્વારા સમજાવાયેલા સચ્ચિદાનંદ શબ્દની યથાર્થતાનું ભાન એમની ગુરૂગાદી પર મહામંડલેશ્વરની ભૂમિકા અદા કરનાર સર્વ ગુરૂશ્રેષ્ઠિઓ દ્વારા સાક્ષાત થતું રહ્યું છે. અહિ સચ્ચિદાનંદ માધવાનંદ પરંપરામાં શુધ્ધ અદ્વૈત બ્રહ્મજ્ઞાન ગુરૂ અને શિષ્યોની આધ્યાત્મીક ઉંચાઈઓ દ્વારા સર્વ કોઈને અનુભવાય છે સાબીત કરવું પડતું નથી.

આધ્યાત્મીક જ્ઞાનના સીમાડા અને પૂર્વભૂમિકા જાણે કે પૂજ્ય શ્રી ની ઉપરાંત એમના અનૂચર-ગુરૂ શ્રેષ્ઠીઓની સમાધી દ્વારા સતત સાક્ષીરૂપ બન્યા છે. જે સર્વ સેવકો માટે આત્મજ્ઞાનની જયોતિરૂપ છે !!

## ❁ આપણી બુધ્ધિ !

મધુબેન ડી. બોઘરા
(પીપરીયા)

મનુષ્ય યોનિ બીજી બધી યોનિઓ કરતાં શ્રેષ્ઠ એ કારણ કે માનવને ભગવાને બુધ્ધિ આપી છે. જેના દ્વારા માનવ સાર-અસાર, સાચું-ખોટું, સારૂં-ખરાબ ઈત્યાદીનો વિવેક કરી શકે છે.

સંતો કહે છે વર્તમાન સમયમાં બુધ્ધિનું પ્રમાણ તો ખૂબ જ વધી ગયું છે. પરંતુ બુધ્ધિની શુધ્ધિનું પ્રમાણ ખૂબ જ ઘટી ગયેલું જણાય છે.

શ્રીમદ્ ભાગવતના મહાત્મ્યમાં એક કથા આવે છે. તુંગભદ્રા નદીના કિનારે આત્મદેવ બ્રાહ્મણ અને તેની પત્ની ધુંધુલી રહે છે. તેને પુત્ર નથી. આત્મદેવ એક મહાત્મા પાસે અતિ આગ્રહ કરી પુત્ર માગે છે. છેવટે મહાત્મા તેને એક ફળ આપે છે જેના દ્વારા પુત્રની પ્રાપ્તિ થઈ શકે. આત્મદેવે આ ફળ તેની પત્ની ધુંધુલીને આપ્યું. ધુંધુલીએ આ ફળ પોતે ન ખાધુ અને તે ફળ ગાયને ખવરાવી દીધું ને પોતે ગર્ભવતી હોવાનો ઢોંગ કર્યો. સમય પૂરો થતાં ધુંધુલી એ પોતાની નાની બહેનના પુત્રને લાવી પોતાનો પુત્ર બતાવ્યો અને તેનું નામ ધુંધુકારી રાખ્યું. ફળ દ્વારા

ગાયને એક પુત્ર થયો જેનું નામ ગોકર્ણ રાખ્યું. ધુંધુકારી દુરાચારી, પાપા ચારી થયો જયારે ગોકર્ણ સદાચારી મહાત્મા થયા. આ કથા આપણે બધા જ જાણીએ છીએ. પરંતુ અહીં આ કથા પૂ. ડોંગરેજી મહારાજની દ્રષ્ટિથી સમજીએ.

પૂ. ડોંગરેજી મહારાજ કહે છે, તુંગભદ્રા નદી એ જ માનવ શરીર છે. તેમાં રહેલો જીવાત્મા એ આત્મદેવ છે. ધૂંઆ-ફૂંવા કરનારી, કૂતર્કો કરનારી, વિના શ્રમે સુખની આશા રાખનારી ધુંધુલી તે બુધ્ધિ છે. તે દરેકના ઘરમાં, દરેકના મનમાં વસે છે. એ પારકી પંચાત કરે છે પણ હું કોણ છું ? મારો ધણી કોણ છે ? તેનો વિચાર કરતી નથી.

બુધ્ધિ સાથે આત્મદેવનું લગ્ન થયું પણ, જયાં સુધી સત્સંગ ન કરે ત્યાં સુધી વિવેક રૂપી પુત્ર થતો નથી. જેને વિવેક રૂપી પુત્ર નથી તે સંસાર નદીમાં ડુબકા ખાય છે. દેવ બનવાની અને બીજાને પણ દેવ બનાવવાની શક્તિ આત્મામાં છે, પરંતુ તે શક્તિને જાગૃત કરવાની જરૂર છે. સત્સંગથી આત્મ શક્તિ જાગ્રત થાય તો જીવનમાં દિવ્યતા આવે છે.

બુધ્ધિરૂપી ધુંધુલીની નાની બહેન તે મન છે. બુધ્ધિ મનની સલાહ લે તો તે દુઃખી થાય છે. મન અનેકવાર આત્માને છેતરે છે. મન કપટી અને સ્વાર્થી છે. મન કેવળ વિષયનું ભોગી છે. વિષય ભોગ જ તેના સગા-સ્નેહી છે. આત્મદેવ મન-બુધ્ધિનું કપટ સમજી શકતો નથી. તેનો લાભ લઈ મન-બુધ્ધિ વિષયરૂપી ફળ ઈન્દ્રિયરૂપી ગાયને ખવડાવી દે છે.

વિષયફળ ઈન્દ્રિયોને ખવડાવવાથી સુખ થોડું અને દુઃખ વધારે મળે છે. એક જૈન મુનિએ કહ્યું છે, "વિષય ભોગથી ક્ષણનું સુખ, મણનું દુઃખ અને ટનની વાસનાઓ બંધાય છે." આ વાતનો અનુભવ આપણને થાય જ છે પરંતુ વિષય ભોગની ઈચ્છા થાય ત્યારે આપણો અનુભવ હારી જાય છે અને ઈચ્છાઓ જીતી જાય છે. પછી તે દુઃખનું જ કારણ બને છે છતાં, દરેક વખતે આમ જ બને છે.

સત્સંગથી એકદમ મનની શુધ્ધિ થતી નથી. સત્સંગની સાથે મન-બુધ્ધિ જયારે ભગવાનનો આશ્રય લે ત્યારે તે સુધરે છે. કોઈ પણ રીતે મનને વિષયોમાંથી હટાવી ભગવાન સાથે જોડી હોવાથી લાભ થાય છે. મનને પ્રભુમય બનાવવા માટે રોજ નામ-સ્મરણ, જપ, અધ્યાત્મ વાંચન અત્યંત આવશ્યક છે.

અસ્તુ...

## આત્માની ઓળખ

લતાબેન અરવિંદભાઈ દડવા

આત્માની ઓળખ એટલે કે આત્મા તત્ત્વને જાણવું અથવા આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું. આત્મજ્ઞાન મેળવવા ચાર કૃપાની જરૂર છે. (૧) પરમાત્માની કૃપા (૨) શાસ્ત્ર કૃપા (૩) આત્મ કૃપા (૪) ગુરૂકૃપા.

(૧) પરમાત્માની કૃપા એટલે કે પરમાત્માએ કૃપા કરી આપણને દેવોને દુર્લભ એવું મનુષ્યનું શરીર આપ્યું છે મનુષ્યને જ આત્મનું જ્ઞાન થઈ શકે છે પશું પંખીને નહીં માટે પરમાત્માની કૃપા માનવી કે મનુષ્ય શરીર આપ્યું.

(૨) શાસ્ત્ર કૃપા જેમ કે ભગવાન શંકરાચાર્ય ભગવતગીતા, બ્રહ્મ સૂત્ર, ઉપનિષદનો અર્થ કાઢીને સુલભ કરી દીધું તો હવે આ શાસ્ત્રનો અર્થ સમજવા ગુરૂ કૃપાની જરૂર છે તો એવા ગુરૂ આપણને મળીયા છે જે શ્રોત્રીય અને બ્રહ્મ નિષ્ઠ ગુરૂનું ચરણ લે તે આત્મને ઓળખી શકે છે આપણે પોતે પોતાની ઉપર કૃપા કરવાની જરૂર છે. મનુષ્ય જયારે પોતે પોતાની ઉપર કૃપા કરે ત્યારે આત્મ જ્ઞાનના ભાગીદાર થઈ શકે છે.

એક વખત સાંભળવાથી જ્ઞાન થતું નથી વારંવાર મનન કરવાની જરૂર છે.

ઘણા લોકો કહે છે કે આ જ્ઞાન આપણને નો થાય આ જ્ઞાનનો અધીકારી મનુષ્ય છે માટે અધિકારની જરૂર છે આત્મને ઓળખવો હોય તો શાસ્ત્ર જ પ્રમાણ છે આત્મ જ્ઞાન વગર મુક્તિ સંભવ નથી. મુમુક્ષત્ત્વ ભાવ થવો જોઈએ.

**અધિકારીને જ્ઞાન ઉપજે આતમ લક્ષ અભંગ**
**કહે અખો મુમુક્ષુ જનને સદાય ફળે સત્સંગ**
**સંગત તેને શું કરે...**

તો મનુષ્ય સાધન સંપન્ન થાય તો જરૂર આત્મજ્ઞાનનો ભાગીદાર થાય, આત્માનું સ્વરૂપ એવું કે સદા રહે, ઉત્પતિ-સ્થીતી અને લય ત્રણેય કાળમાં રહે આત્મા પરમાત્મા કહેવાય છે. આ આત્મા શરીરમાં રહેવા છતા શરીરથી જુદો છે કારણ કે શરીર જડ છે સદા રહેવા વાળું નથી અને આત્મા સદાય રહેવાવાળો છે ચેતન નિરગુણ નિરાકાર નિરલેપ અને અસંગ અને સર્વ વ્યાપક છે આત્મ જ્ઞાનનો ભાગીદાર થાવા સારા કર્મ કરવા નિષ્કામ ભાવે કર્મ કરવા ફળની ઈચ્છા છોડીને કર્મ કરવા જોઈએ નિષ્કામ કર્મથી અંતઃકરણ શુધ્ધ થાય છે શુધ્ધ અંતઃકરણ દ્વારા જ મનુષ્ય આત્મને ઓળખી શકે છે અને મોક્ષનો ભાગીદાર થઈ શકે છે.

# પ.પુ. અનન્તશ્રી વિભૂષિત સ્વામી શ્રી શિવોહંસાગરજી મહારાજશ્રીનો ૩૮મો નિર્વાણ જયંતી મહોત્સવમાં તા. ૨૦-૦૨-૨૦૧૫ પધારવા માટે અમદાવાદ-વડોદરા-સુરત થી દહાણુ સ્ટેશન ઉભી રહેતી ગાડીઓ.

| ગાડી નંબર | ગાડીનું નામ | ક્યાથી ઉપડે અને ટાઇમ | અમદાવાદ ટાઇમ | વડોદરા ટાઇમ | સુરત ટાઇમ | દહાણૂ ટાઇમ |
|---|---|---|---|---|---|---|
| ૧૯૦૧૨ | ગુજરાત એક્સપ્રેસ | અમદાવાદ | સવારે ૭.૦૦ | સવારે ૯.૦૦ | બપોરે ૧૧.૨૦ | બપોરે ૧.૪૦ |
| ૧૯૦૨૪ | ફીરોજપુર જનતા | દીલ્હી ૪.૩૦ | | બપોરે ૧૦.૪૦ | બપોરે ૧.૩૪ | બપોરે ૪.૫૫ |
| ૧૯૨૧૬ | સૌરાષ્ટ્ર એક્સપ્રેસ | પોરબંદર | સવારે ૬.૦૦ | સવારે ૯.૩૫ | બપોરે ૧૨.૩૦ | બપોરે ૪.૧૦ |
| ૧૨૯૨૬ | પશ્ચિમ એક્સપ્રેસ | અમૃતસર | | સવારે ૮.૩૦ | સવારે ૧૦.૪૦ | બપોરે ૧૨.૩૪ |
| ૧૯૧૧૬ | સયાજીનગરી એક્સપ્રેસ | ભુજ | સવારે ૫.૦૫ | સવારે ૭.૨૦ | સવારે ૯.૪૫ | બપોરે ૧૨.૦૦ |
| ૧૯૦૧૮ | સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ | જામનગર | રાત્રે ૮.૧૦ | રાત્રે ૧૦.૫૦ | રાત્રે ૧.૦૦ | રાત્રે ૩.૨૧ |
| ૧૨૯૨૨ | ફલાઇંગ રાણી | સુરત | | | સવારે ૫.૨૫ | સવારે ૭.૪૫ |
| ૧૯૭૦૮ | બાંદ્રા-જયપુર અરાવલી | જયપુર | રાત્રે ૮.૧૦ | રાત્રે ૦૦.૨૫ | રાત્રે ૨.૧૫ | સવારે ૪.૨૫ |
| ૧૨૯૦૨ | ગુજરાત મેલ | અમદાવાદ | રાત્રે ૧૦.૦૦ | રાત્રે ૦૦.૦૬ | રાત્રે ૨.૦૦ | સવારે ૪.૦૪ |
| ૧૨૯૭૨ | ભાવનગર-બાંદ્રા | ભાવનગર રાત્રે ૮.૩૦ | રાત્રે ૧.૫૨ | રાત્રે ૩.૫૫ | સવારે ૫.૫૦ | વાપી - સવારે ૭.૧૫ |

નોંધ : વાપી ઉતરી લોકલ ગાડીમાં દહાણુ આવી જવાનુ. ત્યા ૧-૧ કલાકે લગભગ ઘણી ગાડી વાપીથી દહાણુ આવવા મળે છે.

## મુંબઈથી દહાણુ આવવા માટે દહાણૂ ઉભી રહેતી ટ્રેનો

| ગાડી નંબર | ગાડીનું નામ | ક્યાથી ઉપડે અને ટાઇમ | અંધેરી ટાઇમ | બોરીવલી ટાઇમ | | દહાણૂ ટાઇમ |
|---|---|---|---|---|---|---|
| ૧૯૦૧૧ | ગુજરાત એક્સપ્રેસ | મુંબઈ સેન્ટ્રલ સવારે ૫.૪૫ | | સવારે ૬.૨૫ | | સવારે ૭.૪૮ |
| ૧૯૦૨૩ | ફીરોજપુર જનતા | મુંબઈ સેન્ટ્રલ સવારે ૭.૨૫ | | સવારે ૮.૦૫ | | સવારે ૧૦.૦૦ |
| ૧૯૨૯૫ | સૌરાષ્ટ્ર જનતા | બાંદ્રા સવારે ૮.૨૦ | | સવારે ૯.૧૧ | | સવારે ૧૦.૪૫ |
| ૧૨૯૨૫ | અમૃતસર પશ્ચીમ એક્સપ્રેસ | બાંદ્રા બપોરે ૧૧.૩૫ | બપોરે ૧૧.૫૦ | બપોરે ૧૨.૧૨ | | બપોરે ૧.૪૨ |

નોંધ : ચર્ચગેટ-બાંદ્રા-અંધેરી થી લોકલ ગાડીઓ સવારે વહેલા ૬.૦૦ કલાકેથી દહાણૂની ગાડી ૧-૧ કલાકે મળે છે


**મહોત્સવમાં આવનાર સેવક ભાઈઓએ આ સરનામે જાણ કરવા નમ્ર વિનંતી.**

શ્રી મનિષભાઈ લાભુભાઈ સુતરીયા
ગ્રેસ ફાર્મ દહાણુ, શ્રી શિવોહં સાગર વાટીકા, દહાણુ-કોજબાડ રોડ, જી. પાલઘર.


**દહાણુ સ્ટેશન થી કોજબાડ રોડ જતા ૫ કિ.મી.ના અંતરે આવશે.**
**દહાણુ સ્ટેશને વાહન સુવિધા રાખેલ છે તથા રીક્ષા પણ મળશે.**

**લાભુભાઈ કેશવભાઈ સુતરીયા – ૦૯૩૨૨૨ ૩૩૧૮૧ / ચેતન – ૦૯૦૪૯૫ ૩૯૦૮૨**

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો આ મહિનાનો કાર્યક્રમ



- તા. ૫-૧-૨૦૧૫ સવારે ૬.૦૦ કલાકે અલ્હાબાદ જવા રવાના થશે.
- તા. ૧૫-૧-૨૦૧૫ પરમ પૂજ્ય સ્વામીશ્રી આત્માનંદજી મહારાજશ્રીનો ૭૭ મો નિર્વાણદિન ઉત્સવ ઝુસી યોગાનંદ આશ્રમ, અલ્હાબાદ પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉજવાશે.
- નિમંત્રક - શ્રી દિનેશભાઈ ભીખાભાઈ પટેલ લીંબાસીવાળા (હાલ- વડોદરા)
  શ્રી હેમેન્દ્રભાઈ રામભાઈ પટેલ લીંબાસીવાળા (હાલ- વડોદરા)
- તા. ૧૬-૧-૨૦૧૫ ના રોજ અલ્હાબાદથી ટ્રેન દ્વારા સુરત આવવા રવાના થશે.
- તા. ૧૭-૧-૨૦૧૫ ના રોજ સુરત શ્રી માધવાનંદ આશ્રમમાં પધારશે.
- તા. ૧૮-૧-૨૦૧૫ સુરત થી ચાણોદ.
- તા. ૨૬-૧-૨૦૧૫ ચાણોદ થી સાંજે ચમારડી.
- તા. ૨૭-૧-૨૦૧૫ ચમારડી સમુહ લગ્નમાં આશીર્વાદ આપવા પધારશે.
- તા. ૨૮-૧-૨૦૧૫ ભુવાલડી પ. પૂ. સ્વામી શ્રી નાગેશ્વરાનંદજી મહારાજશ્રીનો ૯૩ મો નિર્વાણ જયંતિ ઉત્સવ દીન ભુવાલડી ગામમાં પ. પૂ. મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ધામધૂમથી ઉજવાશે.
- તા. ૨૮-૧-૨૦૧૫ ભુવાલડીથી બપોર પછી લીંબાસી.
- તા. ૨૯-૧-૨૦૧૫ લીંબાસીથી બપોર પછી વલસાડ.
- તા. ૨-૨-૨૦૧૫ વલસાડ થી સુરત.
- તા. ૩-૨-૨૦૧૫ સુરત પુનમનો ઉત્સવ સ્વામીજી મહારાજશ્રીની અધ્યક્ષતા ધામધૂમથી ઉજવાશે.
- તા. ૪-૨-૨૦૧૫ ચાણોદ.
- તા. ૫-૨-૨૦૧૫ નાપાડ.
- તા. ૭-૨-૨૦૧૫ ખડોલ (હળદરી)
- તા. ૯-૨-૨૦૧૫ આંકલાવ.
- પ.પૂ. સ્વામીશ્રી ચિદાનન્દજી મહારાજશ્રીનો ૭૦ મો નિર્વાણ જયંતિ દિન ઉત્સવ મહા વદ ૮ ને ગુરૂવાર તા. ૧૨-૨-૨૦૧૫ ના રોજ ગામ - આંકલાવ,
  નિમંત્રક - સ્વ. ભાઈલાલ (સેવક), શ્રી બાબુભાઈ પુનમભાઈ પટેલ, શ્રી સુરેશભાઈ પુનમભાઈ પટેલ
- તા. ૧૨-૨-૨૦૧૫ આંકલાવ થી બપોર પછી કંથારીયા.
- તા. ૧૪-૨-૨૦૧૫ હળદરી.



### પ.પૂ.સ્વામીશ્રી હરીહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ

- તા. ૨૯-૧૨-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪, ગ્રેસ ફાર્મ, દહાણુ (મહારાષ્ટ્ર)
- તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૦૧-૨૦૧૫ શ્રી પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન, બાબુલનાથ રોડ, હ્યુજીસ રોડ, મુંબઈ.
- સ્વાધ્યાયાત્મક સત્સંગ :-
  સમય - સવારે - ૮.૪૫ થી ૯.૩૦
  વિષય - શ્રીમદ્ ભગવદ્ગીતા (શંકરાનન્દી), અધ્યાય-૧૩
  સમય - સાંજે ૫.૦૦ થી ૬.૦૦
  વિષય - માંડુક્યોપનિષદ્ (કારિકા, પ્રકરણ-૩)



:: પ્રવક્તાશ્રી ::

**વક્તા પ.પૂ.સ્વામીશ્રી પ્રકાશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય**
**''શ્રીમદ્ ભાગવત કથા''**

- કથા પ્રારંભ : પોષ સુદ ૪ ને ગુરૂવાર તા. ૨૫-૧૨-૨૦૧૪
- કૃષ્ણ જન્મ : તા. ૨૯-૧૨-૨૦૧૪ પોષ સુદ ૮ ને સોમવાર
- પૂર્ણાહુતી : તા. ૩૧-૧૨-૨૦૧૪ ને બુધવાર
- આયોજક : શ્રી ચીમનભાઈ અંબાલાલ પટેલ તથા પ્રજાપતિ દ્વારકાદાસ તથા સુરેશભાઈ મંડપવાળા તથા સમસ્ત ગામ મુ. બીલીયા, તા. વિજાપુર, જી. મહેસાણા.

---

**વક્તા પ.પૂ.સ્વામીશ્રી પ્રકાશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય ''શ્રીમદ્ ભાગવત કથા''**

- કથા પ્રારંભ : પોષ સુદ ૧૩ ને શનિવાર તા. ૩-૧-૨૦૧૫
- કૃષ્ણ જન્મ : પોષ વદ ૨ ને બુધવાર તા. ૭-૧-૨૦૧૫
- પૂર્ણાહુતી : પોષ વદ ૪ ને શુક્રવાર તા. ૯-૧-૨૦૧૫
- આયોજક : શ્રી ભરતભાઈ પ્રભુભાઈ ચૌધરી તથા શ્રી ધીરૂભાઈ જયોતાભાઈ ચૌધરી ગામ - રંગાકુઈ, તા. વિજાપુર, જી. મહેસાણા.

---


- તા. ૧૨-૧-૨૦૧૫ થી તા. ૧૭/૧/૨૦૧૫ સુધી ઝુસી, યોગાનંદ આશ્રમ, અલ્હાબાદ.
- તા. ૧૫-૧-૨૦૧૫ પ.પૂ.સ્વામીશ્રી આત્માનંદજી મહારાજશ્રીનો ૭૭ મો નિર્વાણદીન ઉત્સવમાં હાજરી આપશે.

---

**વક્તા પ.પૂ.સ્વામીશ્રી પ્રકાશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય ''શ્રીમદ્ ભાગવત કથા''**

- કથા પ્રારંભ : પોષ વદ ૧૪ ને સોમવાર તા. ૧૯-૧-૨૦૧૫
- કૃષ્ણ જન્મ : મહા સુદ ૩ ને શુક્રવાર તા. ૨૩-૧-૨૦૧૫
- પૂર્ણાહુતી : મહા સુદ ૬ ને રવિવાર તા. ૨૫-૧-૨૦૧૫
- આયોજક : શ્રી નાગેશ્વરાનંદ સેવક મંડળ તથા સચ્ચિદાનંદ સેવક મંડળ, ગામ - ભૂવાલડી, તા. દસકોઈ, જી. અમદાવાદ.

---



**પ.પૂ.સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

- તા. ૬-૧-૨૦૧૫ થી વામજ.
- તા. ૧૨-૧-૨૦૧૫ થી અલ્હાબાદ યોગાનંદ આશ્રમ, ન્યુ ઝુસી.
- તા. ૧૫-૧-૨૦૧૫ પ.પૂ. સ્વામીશ્રી આત્માનંદજી મહારાજશ્રીનો ૭૭ મો નિર્વાણ દિનમાં હાજરી આપશે.
- તા. ૨૧-૧-૨૦૧૫ થી લીંબડી. તા. ૨૫-૧-૨૦૧૫ થી વસ્તડી.
- તા. ૧-૨-૨૦૧૫ રવિવારે પૂનમ નિમીતે આંતર રાષ્ટ્રીય માધવાનંદ આશ્રમે સત્સંગ આપશે. સમય - ૩.૦૦ થી ૬.૦૦
- મહાપ્રસાદ - સમગ્ર બાપુનગર સેવક સમુદાય તરફથી રાખેલ છે.

---

પરમ પૂજ્ય સ્વામીશ્રી નાગેશ્વરાનંદજી મહારાજશ્રીનો ૯૩ મો નિર્વાણ જયંતિ મહોત્સવ તથા શ્રી રામ પરિવાર શ્રી ભીડભંજન હનુમાનજી મહારાજ તથા લક્ષ્મી નારાયણ દેવોની દ્વિતીય પાટોત્સવ સંવત ૨૦૭૧ ના મહાવદ ૯ ને બુધવાર તા. ૨૮-૧-૨૦૧૫ ના રોજ ભુવાલડી ગામનાં આંગણે પરમ પૂજ્યશ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં ઉજવાશે.

નિમંત્રક : સમસ્ત શ્રી નાગેશ્વરાનંદ સેવક મંડળ,

સ્થળ :- શ્રી માધવાનંદ આશ્રમ, ગામ - ભુવાલડી, તા. દસકોઈ, જી. અમદાવાદ.

**પ.પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૪ મો નિર્વાણ જયંતિ મહોત્સવ પ્રસંગે સદ્‌ગુરૂજીનું થતું પૂંજન. તા. ૧૩-૧૨-૨૦૧૪, મુ. ચાણોદ.**







પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યશ્રીની અધ્યક્ષતામાં રવિવાર તા. ૧૪/૧૨/૨૦૧૪ ના રોજ ચાણોદ ધામમાં શ્રી માધવાનંદ આશ્રમમાં મફત નેત્રયજ્ઞ તથા દંતયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ૫૦૦ દર્દીઓને આંખોની તપાસ કરી નિદાન કરી યોગ્ય સારવાર આપવામાં આવી હતી મફત ચશ્મા પણ આપવામાં આવ્યા હતા. ૨૫ દર્દીઓને આંખના મોતીયાનું ઓપરેશન વિના મૂલ્યે કર્યા હતા. ૪૦ દર્દીઓને દાંતની તપાસ કરી વિના મૂલ્યે દાંત કાઢી સારવાર કરવામાં આવી હતી.

**આ કેમ્પના આર્થિક સહયોગી સ્વ. જયંતિભાઈ રામભાઈ પટેલ ઓજરાળાવાળા (હાલ-કેનેડા).**

## :: સૌજન્ય ::

**શ્રી કૌશિકભાઈ રામજીભાઈ કીકાણી**

**ગામ - ચમારડી (હાલ - સુરત)**

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**




ચાણોદ મુકામે તા. ૧૩/૧૨-૨૦૧૪ ના રોજ પ.પૂ. સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૪ મો નિર્વાણ જયંતિ મહોત્સવ પ્રસંગે પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય તેમજ સર્વો સંતવૃંદ આપતા શ્રધ્ધાંજલિ તેમજ આશીર્વચન.

**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

: મુખ્ય કાર્યાલય :
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ
"વેદ રહસ્ય કાર્યાલય"
શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર-૧,
કતારગામ રોડ, સુરત-૩૯૫ ૦૦૪.
ફોન નં.:- ૦૨૬૧ ૨૫૩૪૬૧૦

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-